॥ ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન



સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૬ વર્ષ-૧૯ વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ વિદેશમાં-૪૦૦.૦૦ ૨૧ માર્ચ-૨૦૧૦

## જીવન સાધના આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ

**યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્ય (વાંગ્મય ભાગ-૧, પાના નંબર-૩.૩૯-૪૩માંથી)**

### ઈશ્વરની નજીક

ભગવાનની નજીક આપ બેસો, ઉપાસના કરો, તો જોશો કે એમની અંદર કરંટ આવી જાય છે. ભગવાનને જે અડશે, ભગવાનનો કરંટ એમનામાં આવી જશે. બે તળાવોને આપસમાં જોડી દો, તો નીચે વાળા તળાવનું લેવલ વધતું જશે અને બંન્નેની સપાટી એક થઈ જશે. ભગવાન અને ભક્ત એક થઈ જાય છે તો, સાચું તો એ છે કે ભગવાનથી પણ ભક્ત મોટો થઈ જાય છે, કેમ કે ભગવાન ભક્તનો ઉત્સાહ વધારવા માંગે છે અને બીજા કામોમાં ઉપયોગ કરવા માંગે છે. શબરીના એઠા બોર ભગવાને ખાધા હતા ને! ગોપીઓના ત્યાં ભગવાન છાશ માંગવા ગયા હતા ને! બલિના દરવાજા પર બાવન આંગળના બનીને ભગવાન આવ્યા હતાને! કર્ણના દરવાજા પર સોનું માંગવા માટે સાધુ અને ભિખારીનું રૂપ બનાવીને ગયા હતા ને! એ મોટાઈ છે ભક્તની.

ભૃગુએ ભગવાનની છાતીમાં લાત મારી હતી, ક્યાં કેવા ભગવાન છે! જે પોતાના કર્ત્તવ્યનું ધ્યાન નથી રાખતા અને ભગવાને મહર્ષિ ભૃગુની લાતના નિશાનને તેમણે પોતાની મૂર્તિઓની છાતી પર આજે પણ સુરક્ષિત રાખેલ છે. વિષ્ણુની મૂર્તિઓમાં મહર્ષિ ભૃગુની લાતનું નિશાન હંમેશા હોય છે. મહર્ષિ ભૃગુ મોટા હતા, ભગવાનથી ભક્ત મોટો હોય છે ભગવાનથી પણ મોટો સાચો ભક્ત હોવો જોઈએ. સાચા ભક્તની ઓળખ કાલે અમો આપને બતાવી ચુક્યા છીએ અને એ બતાવી ચુક્યા છીએ કે ભક્તને ભગવાનના અનુશાસન પર નિર્ભર રહેવું જોઈએ, ભગવાનને પોતાની મર્જી પર ચલાવવાની વાત નહીં વિચારવી જોઈએ પોતાની મનોકામનાની બાબતમાં ધ્યાન ન રાખવું જોઈએ કે અમારી મનોકામના પૂર્ણ કરી દેશે. ભક્ત પોતાની મનોકામના હટાવી દેશે અને ભગવાનની મનોકામનાને પોતાની ઉપર બનાવી રાખે છે.

### પાત્રતાની કસોટી

પોતાની પાત્રતાનો વિકાસ કરવો પડશે. એના માટે પાત્ર બનવું પડશે. પાત્ર અગર ન હોય ત્યારે? લગ્ન કોઈ છોકરી કરવા માંગે કોઈ સારા છોકરા સાથે અને તે ઘરડી હોય ત્યારે? ગૂંગી, બહેરી, આંધળી હોય ત્યારે? તો કોણ લગ્ન કરશે? એટલા માટે પાત્રતા ખૂબ જરૂરી છે. કાલે અમોએ કહ્યું હતું:-એ દિવસે આપને કહ્યું હતું, કે વાદળોની કૃપા પ્રાપ્ત કરવા માટે પાણીના ખાડો હોવો જરૂરી છે. વાદળ તો વરસે છે એમની કૃપા તો સૌની ઉપર છે. જ્યાં ખાડો હશે, ત્યાં તો પાણી એકઠું થશે ને! જો ખાડો જ ન હોય તો?

સૂરજની કૃપા તો દરેકની ઉપર છે, પરંતુ જેની આંખો ખરાબ થઈ ગઈ હોય, એના માટે શું કરી શકે છે સૂરજ! દુનિયામાં એકથી એક સુંદર દૃશ્ય દેખાય છે, પરંતુ એકથી એક સુંદર દૃશ્યને કોણ જોઈ શકે છે? જેની આંખોની કીકી બરાબર હશે, તે જ જોઈ શકશેને? જેની આંખોની કીકી બરાબર નથી, તો કેવી રીતે જોઈ શકશે? જરા તમે જ બતાવો. જેના કાનનો પડદો ખરાબ થઈ ગયો છે, ત્યારે દુનિયામાં એકથી એક શાનદાર સંગીત અને અવાજ નિકળે છે, પરંતુ કાનનો પડદો ખરાબ હોય ત્યારે? દુનિયાનું સંગીત સાંભળવા માટે વ્યક્તિની કોઈ સહાયતા કરી શકતું નથી. વ્યક્તિનું મગજ ખરાબ થઈ જાય ત્યારે? ત્યારે એકથી એક શાનદાર સલાહ આપનારા એકથી એક સહાયતા આપનારા શું કરી છે? કોઈ કોઈની સહાયતા કરી શકતું નથી? જેનું મગજ ખરાબ થઈ ગયું છે, શું કરશે? પોતાનું મગજ તો બરાબર છે, પોતાના કાનનો પડદો તો બરાબર છે, પોતાની આંખોની કીકી તો બરાબર છે. આ બધુ બરાબર હશે, તો પછી સૂરજ પણ પ્રકાશિત તો હોવો જોઈએ.

મરી ગયો હશે, ત્યારે શ્વાસ શું કરશે? પ્રાતઃકાળની હવા ખૂબ જ સારી છે, હવા ફેફસાને મળવી જોઈએ, પરંતુ શ્વાસ તો તે ત્યારે લેશે, જ્યારે તે જીવતો હશે. જીવતો જ નહીં હોય તો હવા શું કરશે? એકથી એક સુંદર આહાર અને ભોજન છે, પરંતુ આહાર અને ભોજનના હોવા છતાં જો કોઈ આદમીનું પેટ ખરાબ થઈ જાય ત્યારે? આપ શું ખવડાવીને કરશો? ઉપરથી ઉલટાનું પેટમાં દર્દ થઈ જશે. આપ પૌષ્ટિક પદાર્થ આપો, મલાઈ, મીઠાઈ આપો. જો પેટ ખરાબ છે, પચતું નથી તો મલાઈ-મીઠાઈ શું કરશે? ઉપરથી ઝેર પેદા કરી દેશે. મારો મતલબ પાત્રતાથી છે.

### ક્રમબદ્ધ જીવન સાધના

આધ્યાત્મિકતાના રસ્તા પર, જ્યાં ભગવાનનો પાલવ પકડવાનો છે, ત્યાં બીજુ કદમ એ ઉઠાવવું પડે છે કે અમારા જીવનની સાધના ક્રમબદ્ધ છે કે નહીં, અમે પોતાને સાધી લીધા છે કે નહીં. અમો પોતાને સાધી લેવાથી આદમીની કિંમત વધી જાય છે. આપ જાણો છો ને. સાપને મદારી લોકો પાળે છે અને શિખવાડે છે. તે જે સામાન્ય રીતે દરેક આદમીને કરડે છે. તે જ સાપ મદારીના બાળકોના ગુજરાનનું માધ્યમ બની જાય છે, વાંદરાના વિષયમાં આપ શું જાણો છો? વાંદરો કેટલો નટખટ છે. કોઈના કપડા ઉઠાવીને ભાગી જાય છે, કોઈને બચકું ભરે છે, કોઈને કંઈ કરે છે, પરંતુ તે વાંદરો પાળવામાં આવે, તેને શિખવાડવામાં આવે છે. તો મદારીના બાળકોનું ગુજરાન કરવા માટે તે જ સૌથી મોટો સ્ત્રોત બની જાય છે.

રીંછ જાણો છો કેવું ખતરનાક હોય છે. પરંતુ રીંછને જ્યારે પાળવામાં આવે છે, સાધી લેવામાં આવે છે, ત્યારે તે જ રીંછ પોતાના પાળનારનું ગુજારો કરી દે છે. સર્કસના વિષયમાં આપ જાણો છો ને? સિંહ કેટલો ભયંકર અને બીજા જાનવરો પણ કેટલા ભયંકર હોય છે. પરંતુ રિંગમાસ્ટરના દ્વારા જ્યારે સાધી લેવામાં આવે છે, તો સર્કસના માલિકને એક-એક દિવસમાં હજાર રૂપિયા કમાણી કરાવી દે છે. સિંહ જે કોઈને પણ મારી શકે છે, પરંતુ સાધેલો સિંહ પોતાના માલિકને બે-બે હજાર રૂપિયા રોજ કમાણી કરાવી આપે છે.

એ કેવી રીતે થઈ શક્યું? સાધના દ્વારા. સાધના જેમ જંગલી જાનવરોની કરી શકાય છે. એ જ રીતે પોતાના જીવનની પણ કરી શકાય છે. સાધના જો ન કરવામાં આવે તો? આદમી પ્રાકૃતિક રૂપથી ખૂબ જ નકામો છે, વનમાનુષ છે. ડારવિને કહ્યું હતું કે ઈન્સાન વાંદરાનો વંશજ છે, વાંદર નથી તે વાંદરાનો ભાઈ-બન્ધુ છે, વનમાનુષ છે. વન માનુષ હોય છે, જંગલોમાં રહે છે. જોયા છે ને આપે? ન એને કપડા પહેરતા આવડે છે, ન તો એની કોઈ સભ્યતા છે, ન તો એની કોઈ વાતચીત છે. આમ કોઈ પણ રીતે જેવા વાંદરા પાળવામાં આવે છે, એવા એક વનમાનુષની રીતથી તે લોકો પણ ગુજરાન કરી લે છે, જેમને લોકો જંગલી કહે છે. જંગલી લોકોને નર-પશુઓમાં ગણવામાં આવે છે.

### પોતાના સ્વને જાગૃત કરો

ભગવાન શું છે? બતાઓ આપ. એક ભગવાન તો તે છે, જે આખા વિશ્વમાં છવાયેલ છે, બધા નિયમોની વ્યવસ્થા બનાવે છે. તે એક પ્રકારનો નિયમ છે કાયદો અને કાનૂન છે, જેને આપણે પરબ્રહ્મ કહીએ છીએ. એક બીજો પણ બ્રહ્મ છે, જેને આપણે પોતાની રીતે બનાવવાનો છે, તે કયો પરબ્રહ્મ છે? અંગ્રેજીમાં એને સુપરકાન્શસ (પરા ચેતના) કહે છે. વેદાન્તની ભાષામાં એને 'સ્વ' કહેવામાં આવ્યો છે, આત્મા કહેવામાં આવ્યો છે. આત્મા વા અરે દૃષ્યવ્યઃ શ્રોતવ્યઃ મન્તવ્યઃ નિદિધ્યાસિતવ્યઃ । અરે લોકો! આપ સ્વને જાણો આપ-સ્વને સમજો, આપ સ્વને સુધારો અને આપ સ્વને વ્યવસ્થિત કરો.

એ પોતાની રીતે કેવી રીતે થઈ શકે? પોતે પોતાનો શું અર્થ છે-પરા ચેતનાથી, જે અમારી અંદર છે, જેના વિષયમાં શરૂઆતમાં બતાવવામાં આવ્યું છે. આપણી અંદર અંતઃકરણમાં વ્યક્તિ છે, જેમાં કે ગુણ, કર્મ અને સ્વભાવ પડ્યા છે, જેમાં વિશ્વાસ અને માન્યતાઓ પણ પડી છે સ્વભાવમાં ખોટી આદતો પડી છે તેની આદતોને તમારે બરાબર કરવાની છે. પોતાની માન્યતાઓમાં જે હલકટપણું છે, તેને બરાબર કરવાનું છે. એમાં તમારે સુધાર કરવાનો છે, શરૂઆતથી લઈને અંત સુધી દેખભાળ કરવાની છે, એને બરાબર કરવાની છે.

તમારે આત્મદેવની ઉપાસના કરવાની છે. ઉપાસનાના વિષયમાં જે અમે કાલે કહી રહ્યા હતા, વાસ્તવમાં તે આપનો આત્મદેવ છે. પોતે પોતાની ઉપાસના કરો. પોતે પોતાની સાધના જે કરી લે છે, તે જ પોતે પોતાની રીતે જ પોતાની સાધનાથી જ પોતાના જ દબાણમાં ભગવાન બનાવી લે છે. મીરાએ પોતાના જ દબાવથી પથ્થરને ગિરીધર ગોપાલ બનાવી લીધો અને એકલવ્યએ પોતાના દબાણથી જ માટીના પુતળાના દ્રોણાચાર્ય બનાવી લીધા હતા અને રામકૃષ્ણ પરમહંસ પોતાના જ વ્યક્તિત્વના દબાણથી પથ્થરને કાલી બનાવી લીધી હતી. પોતે પોતાના વ્યક્તિત્વને ઉજાળવું અને સ્વચ્છ, નિર્મળ કરવું એ ખૂબ મોટી વાત છે.

### સાધનાથી સિદ્ધિ

અમારું જીવન પારસ છે, અમારું જીવન કલ્પવૃક્ષ છે, અમારું જીવન અમૃત છે, અમારું જીવન કામધેનું છે. આપ જે પણ ઈચ્છો, આ જીવનને બનાવી શકો છો, પરંતુ બનાવવું તો આપને જ પડશે. આપ જ બનાવશો, ત્યારે બનશે. પોતાની સાધના આપ કરો. પોતે પોતાની વિરુદ્ધ વિદ્રોહ ઉભો કરો. પોતાના જન્મ-જન્માતરોને તોડી-મરોડીને ફેંકી દો અને જે શ્રેષ્ઠતા આપની અંદર નથી, જે વિશેષતાઓ અત્યાર સુધી પેદા નથી કરી શક્યા, એ ગુણ કર્મ અને સ્વભાવના વિષયમાં આપ અત્યાર સુધી અભાવગ્રસ્ત છો, કૃપા કરીને તેને બરાબર બનાવો અને તેને સુધારો.

**પુરુષાર્થ કરોઃ-**દુર્ગુણોને છોડવાનો પુરુષાર્થ, સદ્‌ગુણોને વધારવાનો પુરુષાર્થ, પરાક્રમ જો આપ કરશો, તો કેવી રીતે કરશો? આગળ વધવા માટે કદમ વધારવા પડે છે. એક કદમ પછી બીજુ કદમ અને બીજા કદમ પછી ત્રીજું કદમ. એવી જ રીતે આપની પોતાની નબળાઈઓ અને દુર્ગુણોને દૂર કરવાનો બળવો કરવો પડશે અને પોતાના સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવો પડશે. આ બે કામ કરતા જશો, તો આપની જીવન-સાધના પૂરી થઈ જશે.

જીવન-સાધના જે હિસાબથી આપની પૂરી થશે, આપ જોશો કે આખો સમાજ આપનો સહયોગ કરે છે, ભગવાન આપનો સહયોગ કરે છે, પાત્રતા વધુ વિકસિત થતી જશે. એટલા માટે મેં કાલે પણ કહ્યું હતું-આપની અંદર ફૂલ જેવું ખિલવું શરૂ થઈ જશે, તુરંત જ આપની ઉપર ભમરા, પતંગીયા આવવાના શરૂ થઈ જશે બાળકો આપને લલચાઈ આંખોથી જોવા લાગશે. ભગવાન અપેક્ષા કરશે કે આ ફૂલ અમારા ગળામાં છે, માથા પર હોત, તો કેવું સારૂ હોત? કૃપા કરીને કરો, સાધના કરો સાધનાનો ચમત્કાર જુઓ. સાધનાથી સિદ્ધિ મળે છે-આ સિદ્ધાંતને પોતાના જીવનમાં પ્રયોગ કરીને જોવાનો છે, ત્યારે ફાયદો ઉઠાવી શકીશો, જેના માટે આપ કલ્પસાધનામાં આવ્યા છો.

**જગતના જીવોને જે પ્રેમપાત્ર ન બનાવે એ પરમાત્માનો કરુણાપાત્ર ન બની શકે.**

# સત્સંકલ્પના સૂત્રોને આત્મસાત કરો, તેને પોતાના જીવન વિકાસની કસોટી માનો

## આપણે સ્વયં ભાગ્ય નિર્માતા છો, ઉત્કૃષ્ટ બનો-શ્રેષ્ઠ બનાવો, પરિવર્તન પોતાના તથા પોતાનાઓથી શરૂ કરો

### સૂત્ર ક્રમાંક-૧૭

**મનુષ્ય પોતાનો ભાગ્યનો નિર્માતા સ્વયં છે આ વિશ્વાસના આધાર પર અમારી માન્યતા છે કે અમો ઉત્કૃષ્ટ બનીશું અને બીજાઓને શ્રેષ્ઠ બનાવીશું, તો યુગ અવશ્ય બદલાશે.**

**પદ્યાનુવાદઃ** માનવ તો નિજ ભાગ્ય કા નિર્માતા હૈ આપ ।
ઐસે દૃઢ વિશ્વાસમય, હો નિજ ક્રિયા કલાપ ॥
શ્રેષ્ઠ બનાયેં અન્ય કો, બને સ્વયં ઉત્કૃષ્ટ ।
યુગ પરિવર્તન કે લિયે, યહ હૈ સૂત્ર વિશિષ્ટ ॥

**વ્યાખ્યાઃ-**

નિશ્ચિત હી અપને કર્મો કા અધિકારી માનવ હોતા હૈ ।
વૈસે હી ફલતા ભાગ્ય અરે, જો કર્મબીજ વહ બોતા હૈ ॥
જો ચુન લેતા હૈ શ્રેષ્ઠ કર્મ, ફિર કર્મયોગ અપનાતા હૈ ।
વહ માનવ અપના ભાગ્ય સ્વયં ઈચ્છાનુકૂલ રચ પાતા હૈ ॥
સબ ઋષિયોં-પીરો-સંતોને યહ સત્ય હમેં સમજાયા હૈ ।
જિનને માની ઉનકી સલાહ, ઉનને નિજ ભાગ્ય જગાયા હૈ ॥
અન્યોં કો શ્રેષ્ઠ બનાના હૈ, તો ખુદ પહલે ઉત્કૃષ્ટ બને ।
યહ રીતિ સનાતન અપનાકર, બન અગ્રદૂત હમ સ્વયં ચલે ॥

**સમીક્ષાઃ**

કર્મફળના સિદ્ધાંતની અનિવાર્યતા, મહત્ત્વ તમામ ધર્મ સંપ્રદાયો તથા વિભિન્ન વિચાર દર્શનોએ સ્વીકાર કરી છે. સનાતની, જૈન, બૌદ્ધ, તાઓ, ખ્રિસ્તી, ઈસ્લામ, શીખ સહિત તમામ સંપ્રદાયો, શૈવો, શાક્તો, વૈષ્ણવો સહિત જ્ઞાનમાર્ગીઓ, ભક્તિ માર્ગીઓ, કર્મયોગીઓ વગેરે તમામે કર્મફળની અકાટ્યતાને સ્વીકાર કર્યો છે. તો પણ ઘણાખરા લોકો ઈચ્છિત પરિવર્તન માટે પોતાના કર્મોને પરિષ્કૃત અને પ્રખર બનાવવાની જગ્યાએ પ્રાર્થના, પૂજા-પાઠ જેવા નાના-મોટા કર્મકાંડ કરીને કોઈ દેવતાઓ અથવા સંતોના અનુગ્રહ અને આશીર્વાદથી પ્રગતિની લાલસા રાખતા જોવા મળે છે.

એ વાત નથી કે અનુગ્રહ અથવા આશીર્વાદ વગેરે કંઈપણ નથી. એનું પણ જીવનમાં સ્થાન છે, પરંતુ બધાના કેન્દ્રમાં તો કર્મ જ માનવામાં આવે છે. સંત તુલસીદાસજીએ આ વાસ્તવિકતાને સ્પષ્ટ કરતાં લખ્યું છેઃ-

**કર્મપ્રધાન વિશ્વ રચિ રાખા ।**
**જો જસ કરહિ સો તસ ફલ ચાખા ॥**

અર્થાત્-આ વિશ્વ વ્યવસ્થા કર્મપ્રધાન છે. કર્મના આધાર પર જ ફળ મળે છે. આશીર્વાદ અનુગ્રહ આપનારા જો આમ જ આપી શકતા હોત તો તેઓ કોઈપણ એનાથી વંચિત ન રહેતાં સૌને આપતા રહેતા. કોઈને આપવા અથવા ન આપવાનો ભેદભાવ શા માટે કરશે?

યુગઋષિ આ વાસ્તવિકતાને ખૂબ સહજ રૂપથી સમજાવતા રહ્યા છે. રીંછ, વાંદરાઓ માત્ર પોતાની સામર્થ્યથી સેતુબંધ બનાવી શકતા ન હતા, જો બનાવી શકતા હોત, તો એના પહેલાં અથવા એના પછી પણ જરૂર બનાવ્યો હોત. ગોપ-ગોવાળીયા દ્વારા લાકડીઓના સહારે ગોવર્ધન પર્વત ઉઠાવવાની વાત પણ કંઈ આ સ્તરની છે. નિશ્ચિત રૂપથી ઉપરોક્ત કાર્ય દૈવી અનુગ્રહના સહારે જ સંપન્ન થયા છે. પરંતુ આવા દૈવી અનુગ્રહ પણ સદ્ઉદ્દશ્યો માટે પ્રખર પુરુષાર્થ કરનારાને જ મળે છે.

પ્રશ્ન ઉઠે છે કે ઈશ્વરે આવો નિયમ કેમ બનાવી રાખ્યો છે? એના સમાધાનમાં બે વાતો છેઃ- એક તો એ જ કે તેવા મનુષ્યને પુરુષાર્થી બનાવ્યો છે. તે ઈચ્છે છે કે તેનું (મનુષ્ય)નું અવમૂલ્યન ન થાય, તે પુરુષાર્થી બની રહે. એટલા માટે પુરુષાર્થ કરનારાને સુપાત્ર હોવાના નાતે સહાયતા આપે છે. કોઈ પણ નિમય વગર કોઈને આપે, કોઈને ન આપે તો તેની પર ભેદભાવ કરવાનો આરોપ પણ લાગી શકે છે. એટલા માટે તે મનુષ્ય પર આળસુ તથા સ્વયં પર ભેદભાવ વાળા હોવાના કલંકથી દુર રહેવા માટે આવું કરે છે.

બીજો એ કે દરેક સહાયતા આપનારો ઈચ્છે છે કે જો તે કોઈને કંઈક આપે તો એનાથી મેળવનારાને ટકાઉ લાભ મળે. જે લોકો મેળવવા જેટલો પુરુષાર્થ ન કરી શકે તો પ્રાપ્ત થયેલને બનાવી રાખવા માટે (મેન્ટેન કરવા) તો પુરુષાર્થની જ જરૂરત પડે છે. એટલા માટે ઈશ્વર મનુષ્યમાં પહેલાં પુરુષાર્થ જગાડી દે છે અને પછી ફળ આપે છે. તે સૌભાગ્ય કમાવવા જેટલો પુરુષાર્થ ન કરી શકે તો ઓછામાં ઓછો તેને બનાવી રાખવા (મેન્ટેન કરવા) જેટલો પુરુષાર્થ તો કરી જ લે.

એટલા માટે જે સાધક યુગ નિર્માણ ઈચ્છે છે, તેઓ એમાં પોતાના પુરુષાર્થની યોગ્ય ભૂમિકા સમજીને તેના પાલન માટે સંકલ્પિત થાય. ભગવાન ઈચ્છે છે કે આપણે (મનુષ્યગણ) એના પુત્ર, એની સામે ભિખારીના રૂપમાં ન ઉભા રહીએ, ભાગીદારની ગૌરવમય ભૂમિકામાં રહી.પુરુષાર્થ સાધના કરીએ.

તો પછી પુરુષાર્થ ક્યાંથી શરૂ કરીએ? કયા ક્રમથી કરીએ? એના માટે સૂત્રનું આગામી ચરણ છે-'સ્વયં ઉત્કૃષ્ટ બનીએ-



**યુગઋષિ જન્મશતાબ્દીના સંદર્ભમાં**

બીજાને શ્રેષ્ઠ બનાવીએ.' મનુષ્યની દુર્બળતા એ છે કે તે ઈચ્છે છે કે અમો સ્વયં તો જેવા છીએ એવા બની રહીએ, પરંતુ આસપાસના લોકો શ્રેષ્ઠ આદર્શોનું પાલન કરવા લાગે. પરંતુ એવું કરવું અપ્રાકૃતિક છે. અગ્નિ તથા સૂર્ય સ્વયં ગરમ છે તો જ બીજાને ગરમ કરી શકે છે. બરફ પોતે ઠંડો છે, તો જ બીજાને ઠંડો કરે છે. હીટર અથવા કૂલરને પોતાની ગુણવત્તા ઉચ્ચ સ્તરીય બનાવી રાખવી પડે છે. ત્યારે જ તે પોતાનો યોગ્ય પ્રભાવ બનાવી રાખી શકે છે. એ જ રીતે શ્રેષ્ઠ પરિવર્તનના અગ્રદૂતો એવા હોવા જોઈએ કે તેઓ ઉત્કૃષ્ઠ-શ્રેષ્ઠત્તર બને, ત્યારે તેઓ આસપાસવાળાઓને શ્રેષ્ઠ બનાવી શકશે. જેવો આ ક્રમ પ્રાણવાન વ્યક્તિ અપનાવશે, કે તુરંત યુગ પરિવર્તનની પ્રચંડ લહેર પેદા થવા લાગશે. ઈશ્વરના ઉચ્ચ સ્તરીય અનુદાન-વરદાન વરસવા લાગશે.

### સૂત્ર ક્રમાંક ૧૮

**આપણે બદલાઈશું તો યુગ બદલાશે, આપણે સુધરીશું તો યુગ સુધરશે; આ તથ્ય પર અમારો પૂરેપૂરો વિશ્વાસ છે.**

**પદ્યાનુવાદઃ**

હમ બદલેંગે-યુગ બદલેગા, હમ સુધરેંગે-યુગ સુધરેગા ।
હમકો હૈ વિશ્વાસ અડિગ યહ, સ્વર્ગ ધરા પર ફિર ઉતરેગા ॥

**વ્યાખ્યાઃ-**

યદિ હમ ચાહે યુગ પરિવર્તન કી, શુરુઆત દૂસરો સે કરના ।
તો તૂ-તૂ, મૈ-મૈ પનપેગી, માનેગા નહીં કોઈ કહના ॥
હમ શુભ પરિવર્તન કા પ્રયોગ યદિ ખૂદ પર કર દિખલાયેંગે ।
તો ઉસસે પ્રેરિત હો જન-જન, યહ માર્ગ સ્વયં અપનાયેંગે ॥
ઈસલિયે અડિગ વિશ્વાસ યુક્ત, યહ ઘોષ હમારા ગુંજેગા ।
હમ સુધરેંગે-યુગ સુધરેગા, હમ બદલેંગે-યુગ બદલેગા ॥

**સમીક્ષાઃ**

આપણે એ વિશ્વાસ રાખવો જોઈએ કે યુગ પરિવર્તન એક સુનિશ્ચિત સંભાવના છે. યુગઋષિ આ અભિયાનને ત્રિવેણી સંગમ કહેતા રહ્યા છે. યોજના ઈશ્વરની છે, એટલા માટે એના માટે શક્તિ પણ તેઓ જ આપશે. અનુશાસન અને સંરક્ષણ ઋષિતંત્રનું છે. એટલા માટે એમના અનુશાસનોનું પાલન કરનારાઓ પર એમના અનુગ્રહ અને ઈશ્વરીય શક્તિ અનુદાન-વરદાન વરસશે. પુરુષાર્થ અને સહકાર મનુષ્યોનો લાગવાનો છે. જેવો જ આ ત્રીજો ઘટક ઉચિત પ્રમાણમાં જાગૃત થઈ જશે, એવો જ મનુષ્યમાત્ર-પ્રાણીમાત્ર માટે ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓ પ્રગટ થવા લાગશે. જોત-જોતામાં વાતાવરણ એ જ પ્રકારે બદલાઈ જશે જેવી રીતે ગાઢ અંધકારમાં પરોઢ થતાં જ ચારે બાજુએ પ્રકાશ ફેલાવા લાગે છે. ત્યારે અંધારાની ખબર પણ નથી પડતી કે ક્યાં ચાલ્યું ગયું?

કોઈપણ કાર્યને પૂરી એકાગ્રતાથી કરવા માટે વિશ્વાસ જરૂરી છે. જ્યાં શંકા હોય છે, મન ડોલવા માંડે છે, ત્યાં પૂરો મનોયોગ-પૂરો પુરુષાર્થ લાગી જ શકતો નથી. અધુરા મનથી કરવામાં આવેલ કાર્યને સફળતા ક્યાં મળે છે? અભિયાનની ત્રિવેણીના ત્રીજા ઘટકના રૂપમાં મનુષ્યોનો, નૈષ્ઠિકોનો પુરુષાર્થ જરૂરી છે. એટલા માટે પરિવર્તનના તથ્ય પર વિશ્વાસ હોવો પણ જરૂરી છે.

ઘણીવાર પરિસ્થિતિઓની પ્રતિકૂળતા, વિષમતા જોઈને મન શંકા કરવા લાગે છે, સમસ્યાઓની જાળ એટલી વ્યાપક અને સશક્ત દેખાય છે કે સુધારવાદી પ્રયાસ એની સામે નગણ્ય દેખાય છે. તો લાગે છે કે આ બધુ કેવી રીતે થશે? પરંતુ સીમિત પ્રત્યક્ષની પાછળ જ્યાં અસીમ દૈવી શક્તિ સક્રિય હોય છે, ત્યાં વાત જ અલગ હોય છે. ત્યાં ટીંટોડીના પડકારની સામે સમુદ્રએ પણ પોતાને સમર્પણ કરવું પડે છે. રાવણને પણ રીંછ, વાંદરાઓનો પડકાર તથા કંસને ગોવાળીયાઓનો સત્યાગ્રહ હચમચાવી દેવામાં સમર્થ હોય છે. મહાનંદનું સામ્રાજ્ય એક સાધારણ દેખાવવા વાળા બ્રાહ્મણની સામે નાનું પડી જાય છે. અમેરિકામાં દાસપ્રથાના સમર્થનમાં ત્યાંની સત્તા સંપન્ન તથા ધનસંપન્ન લોકો હતા, એમની સામે થોડા લોકો સદભાવના સંપન્ન સામાન્ય લોકોની શું લાયકાત હતી? પરંતુ દૈવી યોજના અંતર્ગત એક એવી લહેર ઉઠી કે દાસપ્રથાને જડમૂળથી ઉખાડી ફેંકી દીધી.

ઉપરોક્ત બધા ઉદાહરણોમાં દૃશ્ય પુરુષાર્થના સહારે સમસ્યાઓનો આકાર-પ્રકાર ખૂબ જ જબરદસ્ત હતો, તો પણ પ્રયાસ કરવાવાળાઓ પોતાની શ્રદ્ધાના સહારે પૂરો પુરુષાર્થ કરતા રહ્યા તથા એમના સમર્થનમાં દિવ્ય અનુદાન વરસતા રહ્યા અને સામાન્ય દેખાવાવાળા સદ્ભાવસંપન્નોની સામે અજેય દેખાવાવાળા અનીતિના સમર્થનવાળાઓને ધૂળ ચાટવી પડી. યુગ નિર્માણના સંદર્ભમાં પણ ઈતિહાસનું કંઈક આ જ રીતે ફરી પુનરાવર્તન થવા જઈ રહ્યું છે.

પરંતુ અહીં એ વિશ્વાસ પણ એકાંગી નથી હોતો. વિશ્વાસના નાતે એ નથી વિચારી શકાતું કે દિવ્ય સત્તાઓ યુગ પરિવર્તન કરશે જ. આપણે શું કરવાનું છે? દિવ્ય સત્તાઓની સામર્થ્યની સાથે મનુષ્યને પોતાની ભૂમિકા પર પણ વિશ્વાસ કરવો પડશે. આપણે પણ તો એના અંગ છીએ. જ્યારે તે પરમ સત્તા સક્રિય છે, તો આપણે એના અંગ નિષ્ક્રિય કેવી રીતે રહી શકીએ? શરીર દ્વારા થનારા પુરુષાર્થને મુખ્ય રૂપથી પ્રત્યક્ષ ભૂમિકા ભલે હાથની દેખાતી હોય, પરંતુ એની સાથે શરીરના અન્ય અંગ-અવયવ, પગ, આંખ, કાનથી લઈને અંદરના હૃદય, કીડની વગેરે તમામ પોત-પોતાની ભૂમિકા પૂરી સક્રિયતાથી નિભાવે છે. એ જ રીતે દૈવી સત્તાની સાથે દરેક ભાવનાશીલ, વિચારશીલ, પ્રતિભાસંપન્નોને પણ પોત-પોતાની ભૂમિકા નિભાવવી પડશે. દિવ્ય સત્તાની સાથે આત્મસત્તાની સામર્થ્ય પર પણ ભરોસો કરવો પડશે.

''આપણે બદલાઈશું, યુગ બદલાશે''ના ઉદ્ઘોષની સાથે અમારા આ જ વિશ્વાસનો ભાવ મુખરીત થવો જોઈએ કે દિવ્ય સત્તાના ઘટકના રૂપમાં આપણે જ્યારે પરિવર્તનનું ચક્ર પોતાની અંદર ચલાવીશું તો પછી તેને કોણ રોકી શકશે?

**આપણા 'અમો'નો** દાયરો ક્રમશઃ વિશાળ થતો જવો જોઈએ. પહેલાં 'અમો' અર્થાત્ આપણું શરીર, મન, બુદ્ધિ, ચિત્ત સૌ મળીને પ્રયાસ કરશે તો પરિવર્તન કેવી રીતે નહીં થાય? પછી આપણે પોતે અને અમારા પોતાના પ્રભાવક્ષેત્રના લોકો સુધી આ 'અમો'નો વિસ્તાર થવો જોઈએ. ભાવ એ હોવો જોઈએ કે અન્ય લોકો આ દિવ્ય સૌભાગ્યથી ભલે વંચિત રહી જાય અમે તો આગળ વધીને પ્રયાસ કરીશું જ . એ જ રીતે 'અમો'નો આ બોધ પરિજન, ગ્રામવાસી, નગરવાસી, રાષ્ટ્રવાસી, વિશ્વવાસી સુધી વિકસિત થઈ શકે છે. 'અમો'નો આ વિરાટ બોધ આપણને સાચા આધ્યાત્મવાદી અને પરમ સત્તાની પરમ અનુકૂળ પણ બનાવી શકે છે અને પરિવર્તનની લહેરને અદ્ભૂત રીતે ઉપર ઉઠાવીને લક્ષ્ય સુધી પહોંચાડવાવાળાને ગૌરવબોધ સુધી લઈ જઈ શકે છે.

'આપણે સુધરીશું' કહેતા મનમાં આ હીનતાનો ભાવ ન આવવો જોઈએ કે એનાથી લોકો સમજશે કે અમે સૌથી વધારે બગડેલા છીએ, એટલા માટે આપણાથી શરૂઆત કરવામાં આવી રહી છે. ભાવ એ હોવો જોઈએ કે બગડ્યો આખો સમાજ છે, એમાંથી આપણે એ સૌભાગ્યશાળી, પ્રાણવાન લોકો છીએ, જેને અગ્રદૂતની ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા છે. આપણે આ પસંદગીને સાર્થક સાબિત કરી બતાવીશું.

આજકાલ લોકસુધારની વાત કહેવામાં આવે તો લોકો એની સાથે સૈદ્ધાંતિક સમ્મતિ તો બતાવી દે છે, પરંતુ સુધારને અગમ-અવ્યવહારિક કહીને ટાળી દે છે. એવામાં જ્યારે આપણે પોતાના આચરણથી એ સાબિત કરી દઈશું કે આ પરિવર્તન સંભવ જ છે અને લાભપ્રદ પણ છે. તો પછી બીજાઓના મનમાં સકારાત્મક સંકલ્પ અને પુરુષાર્થ પેદા થશે. એટલા માટે યુગ ઋષિનું કથન છે -**'પોતાનો સુધાર સંસારની સૌથી મોટી સેવા છે.'**

આથી યુગ નિર્માણના દરેક સમર્થક સ્વયંસેવક, સૈનિકોને યુગ નિર્માણ સત્સંકલ્પોના સૂત્ર અનુસાર પોતાના અને પોતાનાઓના પ્રભાવક્ષેત્રવાળાઓનું જીવન ઘડવા માટેનો પ્રયાસ કરવા-કરાવવો જોઈએ. એને યુગઋષિ પ્રત્યે સાર્થક શ્રદ્ધાંજલિ તથા પોતાના માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન માની સક્રિય થવું જોઈએ.

**સંસારમાં ત્રણ વ્યક્તિ સન્માનના અધિકારી છે-સંત, સુધારક અને શહીદ.**

# સમાજના વિવિધ વર્ગોએ મેળવી સદ્જ્ઞાન અને સત્કર્મોની પ્રેરણા

## સમગ્ર ગુજરાતમાં વિભિન્ન કાર્યક્રમોના માધ્યમથી વસંત પર્વની ભવ્ય ઉજવણી

### ગોંડલ (રાજકોટ)

તા-૨૦ જાન્યુઆરી-૧૦ના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજીનો જન્મદિવસ વસંત પંચમીની ધામધુમ સાથે ઉજવણી કરવામાં આવી. એ દિવસે ગાયત્રી પ્રજ્ઞાપીઠથી ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞ, વિભિન્ન સંસ્કાર સાથે કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી. વિભિન્ન સંસ્કારોના ક્રમમાં પુંસવન સંસ્કાર, નામકરણ, વિદ્યારંભ તેમજ સામૂહિક યજ્ઞોપવિત સંસ્કાર પણ કરાવવામાં આવ્યા. સાથે સાથે વ્યસનમુક્તિ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો, જેમાં ઘણા લોકોએ પોતાના વ્યસનો છોડવાના સંકલ્પો પણ લીધા.

આ પ્રસંગે ગોંડલ ગાયત્રી પરિવારના પ્રચાર-પ્રસાર તરીકે નવી મારૂતિ વાન લેવામાં આવી. જેનું લોકાર્પણ શ્રી શેલાણી ધીરજલાલ વ્રજલાલ તથા તેમના ધર્મપત્નીના હસ્તે કરવામાં આવ્યું. આ વાન સમાજના અનેકવિધ કાર્યક્રમોમાં ઉપયોગી બનશે. લોકાર્પણ વખતે સર્વે પરિજનોએ વાન ઉપર પુષ્પવર્ષા કરીને પોતાની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમનું આયોજન તથા વ્યવસ્થા શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી ભરતસિંહ જાડેજા, શ્રી રાઘવભાઇ ઢોલરીયા તથા ગાયત્રી પરિવારની બહેનો તથા સર્વ ગાયત્રી પરિવારના પરિજનોએ કર્યું હતું. ✿



૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ભાગ લઈ રહેલ પરિજનો, ગાયત્રી પરિવારના શ્રી ધીરજલાલના ધર્મપત્ની દ્વારા જ્ઞાનરથનુ લોકાર્પણ

## વસંત પર્વ પર શાળાઓના વિદ્યાર્થીઓના આત્મબળ અને મનોબળની વૃદ્ધિ માટે દીપ મહાયજ્ઞનું આયોજન

### વસંત પર્વની અનોખી ઉજવણી

### ગાયત્રી શક્તિપીઠ ભુજ (કચ્છ)

તા-૨૦ જાન્યુઆરી-૧૦ને વસંત પંચમીના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવ-ના આધ્યાત્મિક જન્મદિવસના ઉપલક્ષ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ભાગ લેનાર ભુજની તમામ શાળાઓના વિદ્યાર્થીઓના આત્મબળ અને મનોબળની વૃદ્ધિ, તેમજ પરીક્ષામાં સફળતા અને ઉજ્જવળ ભવિષ્યની કામના અર્થે આધ્યાત્મિક પ્રયોગરૂપે દીપ મહાયજ્ઞનુ આયોજન ગાયત્રી શક્તિપીઠ, ભુજમાં કરવામાં આવ્યું હતું. વર્તમાન હરિફાઈના યુગમાં યોગ્ય ઘડતરથી સાચી દિશા તરફ આગળ વધવા માટે શ્રી રતીલાલ ભાઈ સીતાપરા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો કે ભુજની તમામ શાળાઓના પ્રતિનિધિ રૂપે ૧૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મળી અંદાજે ૨૨૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. દરેક શાળાના આચાર્યશ્રીઓને શુભકામના પત્ર તથા પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીનું યુગ સાહિત્ય ભેટ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ચંદ્રશેખરભાઈ વોરા, રતીલાલ સીતાપરા, દિનેશભાઈ અંતાણી, ઉમેદસિંહ જાડેજા, અભયસિંહ ઝાલા, અશ્વિનસિંહ ઝાલા, લીલાધર ભાઈ ઠક્કર, અતુલભાઈ જોષી તથા વિષ્ણુભાઈ જોષીએ ભારે મહેનત કરી હતી. ✿



ગાયત્રી શક્તિપીઠ ભુજમાં વસંત પર્વની ઉજવણીમાં ભાગ લઈ રહેલ ધો-૧૦-૧૨ના વિદ્યાર્થીઓ

## જન્મશતાબ્દી વર્ષમાં સ્ટીકર અભિયાન

### હારીજ-પાટણ

તા-૧૨ ડિસેમ્બર-૦૯ના દિવસે માઁ ભગવતી પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે.જેનો હારીજની ધર્મપ્રેમી જનતા ખૂબ જ લાભ લઈ રહેલ છે. પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી પ્રયાજ વર્ષમાં સુવિચાર સ્ટીકર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં હારીજ તેમજ આજુબાજુના ગામડાઓમાં ૨૦,૦૦૦ સ્ટીકર ઘેર-ઘેર લગાડવાનો સંકલ્પ કરેલ છે. આ સાથે ઘેર-ઘેર યજ્ઞ તથા ગામડાઓમાં પણ યજ્ઞ અભિયાન ચાલુ કરી દીધું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી..

## જન્મશતાબ્દી વર્ષમાં પંચકુંડી યજ્ઞ અભિયાન

### સાદરા-દહેગામ

તા-૨૬ જાન્યુઆરી-૧૦ના દિવસે દહેગામ તાલુકાનું સાદરા ગામમાં જક્ષણી માતાનું મંદિરના પ્રાંગણમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. યજ્ઞમાં લગભગ ૨૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. યજ્ઞમાં નવા પરિજનોને ગાયત્રી મંત્ર દીક્ષા, જન્મદિવસ સંસ્કારો પણ કરાવવામાં આવ્યા. યજ્ઞનું કર્મકાંડ શ્રી અનંતરાય બ્રહ્મભટ્ટ તથા શ્રી રસિકભાઈ રાવલે કરાવ્યું હતું. ગામના શ્રી કિરીટભાઈ ભાવસાર, શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી છત્રસિંહ, શૈલેન્દ્રસિંહ, પરિવ્રાજક શ્રી રૂપસિંહભાઈએ પૂરો સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમમાં ગામના તમામ ભાઈ-બહેનોનો વિશેષ સહકાર મળ્યો હતો. ✿

## વસંત પર્વ બાદ જ્ઞાનરથનું લોકાર્પણ

### ગાયત્રી શક્તિપીઠ પાટણ

તા-૨૦ જાન્યુઆરી-૧૦ વસંત પંચમીના દિવસે પાટણ ગાયત્રી શક્તિપીઠ પર ગાયત્રી પરિવારના પરિજનો દ્વારા સવારે ૮.૦૦ વાગે



ગાયત્રી શક્તિપીઠ પર ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞમાં ભાગ લઈ રહેલ પરિજનો

ગુરુપૂજન-નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પાટણ જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા જીલ્લામાં ૪૦ ગામો તથા ૧૦ શહેરના સ્થળોએ એક સાથે દીપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં બાલીસણા શક્તિપીઠ દ્વારા ૧૪ ગામોમાં, પાટણ શક્તિપીઠ દ્વારા ૧૯ સ્થાનો પર, ચાણસ્મા શક્તિપીઠ દ્વારા ૧૦ સ્થાનો



પાટણ ગાયત્રી શક્તિપીઠ પર જ્ઞાનરથનું લોકાપર્ણ કરી રહેલ પરિજનો

પર, હારિજ શક્તિપીઠ દ્વારા ૭ સ્થાનો પર એક સાથે ૯.૩૦ વાગે ગાયત્રી મંત્ર દ્વારા ભાવનાત્મક વિશેષ આહુતિઓ આપવામાં આવી. દરેક જગ્યાએ પૂજ્ય ગુરુદેવના વિચારોથી તમામ પરિજનો ખૂબ જ પ્રભાવિત જોવા મળ્યા.

### જ્ઞાનરથનું લોકાર્પણ

**પાટણ**-વસંત પંચમી પછી તા-૨૫ જાન્યુઆરીના દિવસે પાટણ ગાયત્રી શક્તિપીઠે ૨૩ વર્ષ પૂરા કરી ૨૪માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ સાથે ગાયત્રી શક્તિપીઠ પર ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞના આયોજન રાખવામાં આવ્યું હતું. યજ્ઞમાં ૪૦૦ પરિજનોએ પોતાની આહુતિઓ સમર્પિત કરી હતી. આ યજ્ઞની સાથે-સાથે જ્ઞાનરથનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનરથ મારુતિવાન પાટણના પરિજન શ્રી હસમુખભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યો હતો.

શાંતિકુંજમાં જન્મશતાબ્દી મહોત્સવ શિબિરમાં આવીને પાટણના પરિજનોએ સંકલ્પ લીધો હતો કે પાટણ જિલ્લામાં જ્ઞાનરથના માધ્યમથી ઘેર-ઘેર, મહોલ્લે-મહોલ્લે ફરી ગુરુદેવના વિચારોનું સાહિત્યના વિતરણ માટે જ્ઞાનરથનું પ્રસ્થાન કરાવશે. આ રથ ગાયત્રી પરિવાર પાટણ જિલ્લાને અર્પણ કરવામાં આવ્યો. આ રથ કાયમી ધોરણે સાહિત્યનું વિતરણ કરશે અને ખાસ કરીને ૨૦૧૧-૨૦૧૨ સુધી આખા પાટણ જીલ્લામાં સાહિત્યનું વિતરણ કરશે. પાટણ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથજી ઠાકોર દ્વારા લીલી ઝંડી દેખાડીને આ રથને રવાના કર્યો હતો. તેમની સાથે નગર પાલીકા પ્રમુખ શ્રી હેમંતભાઈ તન્ના તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### સ્નેહ સંમેલન યોજાયું

**પાટણ**-તા-૨૫ જાન્યુઆરીના દિવસે ગાયત્રી શક્તિપીઠ પાટણ મુકામે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી પાટણ જિલ્લો ગાયત્રી પરિવારનું સ્નેહ સંમેલન રાખવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર જિલ્લા-ના સમન્વય સમીતિના સભ્યો, તાલુકા સમન્વય સમીતિના કન્વીનર તથા સભ્યો, શક્તિપીઠ સમન્વય સભ્યો તથા સર્વે કાર્યકર્તા હાજર રહ્યા હતા. જન્મશતાબ્દી મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા ચર્ચા-વિચારણા કરવામાં આવી. જેમાં પ્રજ્ઞા અભિયાન પાક્ષિક, યુગ શક્તિ ગાયત્રીના સભ્યો વધારવા, ગામડાઓમાં પાંચ કુંડી યજ્ઞ કરવા, દીપયજ્ઞ કરવા, ગામડાની શાખાઓમાં વૃક્ષારોપણ કરવું, ૫૦૦૧ તુલસીની સ્થાપના કરવી, સાહિત્ય મેળાનું આયોજન કરવું, આદર્શ ગ્રામની સ્થાપના કરવી, સવા પાંચ કરોડ ગાયત્રી મંત્રલેખન કરાવવું અને પૂજ્યવરના વિચારોને જન-જન સુધી પહોંચાડવા તન-મન-ધનથી લાગી જવા સંકલ્પ લેવામાં આવ્યા. ✿

ઈશ્વરની સૃષ્ટિને શ્રેષ્ઠ, સુંદર અને સમુન્નત બનાવવી જ એની આરાધના છે.

# સમગ્ર ગુજરાત વિરાટ પુસ્તક મેળાઓની ધૂમ મચી

## કલોલમાં વિરાટ પુસ્તક મેળામાં ૮ લાખ રૂપિયાના સાહિત્યનું બ્રહ્મભોજ વેચાણ થયું

**કલોલ (ગાંધીનગર)**

૨૩ જાન્યુ-૧૦ થી ૨૬ જાન્યુ-૧૦ સુધી કલોલ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા વિશ્વકર્મા હૉલમાં વિરાટ પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળામાં શ્રી રાજુભાઈ વી.પટેલ (મુખી)એ બ્રહ્મભોજ ૫૦% ના સૌજન્યથી સાહિત્ય પુરુ પાડ્યું હતું.

આ મેળાનું ઉદ્‌ઘાટન કલોલના ધારાસભ્ય, ગાયત્રી તપોભૂમિ મથુરાથી શ્રી ઘનશ્યામભાઈ પટેલ, ગુજરાત ઝોનલ કન્વીનર શ્રી રાજુભાઈ દેવ, ગાયત્રી જ્ઞાનપીઠ વાડજના ડૉ.રાજેન્દ્ર પ્રસાદજી, ગણપત વિદ્યાલય ખેરવાના વાઈસ ચાન્સલર શ્રી પી.આઈ.પટેલ તથા કપિલેશ્વર મહાદેવના મહંત શ્રી પૂર્ણાનંદગીરી, શ્રી સત્યનારાયણ મંદિરના રામમનોહર દાસજીના મુખ્ય આતિથ્યમાં કરવામાં આવ્યું હતું.

મેળાની પૂર્વ સંધ્યાએ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા મુખ્ય માર્ગો પરથી પસાર થતી વિશ્વકર્મા હૉલ ખાતે પહોંચી હતી. કળશયાત્રામાં પીતવસ્ત્રધારી બહેનોએ પોતાના માથા પર પોથી, જ્વારા ધારણ કરી આગળ ચાલી રહી હતી. બેન્ડવાજા સાથે પ્રજ્ઞાગીત, વિરાટ યુગ સાહિત્ય પુસ્તક મેળાના બેનર્સ સાથે સૂત્રોચ્ચાર કરતા પરિજનો, ટ્રેક્ટરો પર પૂજ્ય ગુરુદેવ માતાજીની વિશેષ ઝાંકીઓ, જ્ઞાનરથ આ કળશયાત્રામાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. માર્ગમાં સૌને વિરાટ પુસ્તક મેળાની મુલાકાતે આવવા આમંત્રણ પાઠવવામાં આવતું રહ્યું. પરિણામ સ્વરૂપે જે પાંચ લાખ રૂપિયાના સાહિત્યના વેચાણની આશા હતી, તેની સામે લગભગ આઠ લાખ રૂપિયાના સાહિત્યનું બ્રહ્મભોજમાં વેચાણ થયું. આમ જનતાનો અકલ્પ્ય ઉત્સાહ અને હાજરી જોવા જેવી હતી.

આ મેળામાં સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણ સહિત, યુવાવર્ગ, મહિલાઓ તથા સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ-ના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સાહિત્ય ખરીદ્યું અને જીવન માટે આવશ્યક સમજીને કંઈકને કંઈક સાહિત્યની ખરીદી કરી લઈ ગયા. આ સાહિત્ય ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના સાહિત્યની દર્શકોએ ખૂબ જ પ્રશંસા કરી.

આ કાર્યક્રમની પૂર્ણાહુતિ વિરાટ દીપમહાયજ્ઞ સાથે કરવામાં આવી હતી. દીપયજ્ઞ મુખ્ય મહેમાનો તથા ગાયત્રી શક્તિપીઠ કલોલના પરિવારજનોની હાજરીમાં કરવામાં આવી. આ સાથે છાત્રા પોકેટ સેટ ડોનેશન યોજના અંતર્ગત ૧.૮૦ લાખ બ્રહ્મભોજ ૫૦ ટકાથી કલોલ તાલુકાના દરેક ગામોની શાળા-ઓના વિદ્યાર્થીઓને પહોંચડવા માટે જરૂરી સેટ પ્રચાર પ્રસાર માટે ટ્રસ્ટી શ્રી જેશીંગભાઈ તથા પરિવ્રાજક શ્રી સોમાભાઈ સોલંકી ગામેગામ જઈ પ્રચાર પ્રસારની જવાબદારી સંભાળી હતી.



કલોલ વિરાટ પુસ્તક મેળા પહેલાં કાઢવામાં આવેલ વિરાટ કળશયાત્રાની વિભિન્ન વિશેષ ઝાંકીઓ તથા પુસ્તક મેળાને સફળ બનાવવા માટે સંકલ્પિત પરિજનો




કલોલ વિરાટ પુસ્તક મેળામાં પુસ્તકો ખરીદી રહેલ પરિજનો તથા બાળકો અને મિશનના કાર્યકર્તાઓના બાળકો તથા પરિવારજનો પોતાની સેવાઓ આપી રહેલ

## ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું ત્રીજું આયોજન સફળતા પૂર્વક યોજાઈ ગયું

**નડિયાદ-જિલ્લો-આણંદ**

તા-૧૪ ફેબ્રુઆરી-૧૦ના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સંતરામ મંદિરના સભાખંડમાં ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ યજ્ઞનું આયોજન પાદરા તાલુકાના ઘાયજ ગામના શ્રી અશ્વિનભાઈ પટેલે જન્મશતાબ્દી વર્ષમાં પાંચ ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞ કરવાનો સંકલ્પ લીધેલ છે, જેની અંતર્ગત ત્રીજો યજ્ઞ નડિયાદ સંતરામ મંદિરમાં રાખવામાં આવ્યો હતો. આ યજ્ઞની શરૂઆત સંતરામ મહારાજ શ્રી રામદાસજીના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. જેમાં નડિયાદ શહેર અને આજુ-બાજુના ગામડાઓના પરિજનોએ ભાગ લીધો હતો. આ યજ્ઞના દેવપૂજનમાં ૪૦૦ દંપતિઓએ ભાગ લીધો હતો. આ તમામ દંપતિઓને ૪ પુસ્તકોનો સેટ ભેટ આપવામાં આવ્યો હતો.

યજ્ઞની સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ ચાલ્યો હતો, જેમાં સેંકડોની સંખ્યામાં પુંસવન, યજ્ઞોપવિત, દીક્ષા સંસ્કાર કરાવવામાં આવ્યા હતા. પૂજ્યવરના સાહિત્યનું બ્રહ્મભોજ (અડધી કિંમતે) માં વિતરણ કરવામાં આવ્યું હતું. ગુરુદેવના ફોટાઓનો ૪૦૦ આલ્બમ (ગુરુસત્તા-નો સાક્ષાત્કાર)નું ગાયત્રી શક્તિપીઠ ગામડી દ્વારા અડધી કિંમતે વેચાણ કરવામાં આવ્યું.



આ યજ્ઞનું સંચાલન શ્રી મયૂરભાઈ રાવ, શ્રી શરદભાઈ જોષી, શ્રી પ્રતાપભાઈ સીધા અને રીતેશભાઈ શર્માએ કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જીતપુરા ગાયત્રી પરિવારે ઉમદો ફાળો આપી એક સારૂ કરવાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.



ગુરુસત્તાનો સાક્ષાત્કાર ગુરુદેવના ફોટાઓનો આલ્બમ ખરીદી રહેલ પરિજનો યજ્ઞ કરી રહેલ પરિજનો

## ગાયત્રી જ્ઞાનરથનું લોકાર્પણ કરવામાં આવ્યું

**બાપુનગર-અમદાવાદ**

ગાયત્રી પરિવાર બાપુનગર તથા ગાયત્રી જ્ઞાનપીઠ વાડજના સહયોગ-થી બનાવવામાં આવેલ ગાયત્રી જ્ઞાનરથ તૈયાર કરવામાં આવ્યો. આ જ્ઞાનરથ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવના સદ્‌વિચારોને ફેલાવવા બાપુનગરના વિભિન્ન સ્થાનો પર ઉભો કરવામાં આવે છે. આખા દિવસ દરમ્યાન ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયાનું સાહિત્ય બ્રહ્મભોજમાં વેચાણ કરવામાં આવે છે તથા વિભિન્ન પર્વો પર ૪૦૦૦ થી ૫૦૦૦ રૂપિયા સુધીનું સાહિત્ય બ્રહ્મભોજમાં વેચાણ થાય છે.



આ જ્ઞાનરથ પર સમયદાન આપનાર સર્વશ્રી લાલજીભાઈ પટેલ, શ્રી રમણીકભાઈ પટેલ, હરેશભાઈ ભાવસાર, મહેશભાઈ, હરિસિંહ દરબાર, કિરીટભાઈ રાવલ, મનસુખભાઈ પટેલ, પરેશભાઈ પટેલ વગેરે પોતાનો સમય સાંજના ૩.૦૦ વાગ્યાથી રાત્રીના ૮.૦૦ વાગ્યા સુધી આપે છે. આ કાર્યથી તેમને આત્મ-સંતોષની લાગણી અનુભવે છે.

આ જ્ઞાનરથ માટે વાડજ ગાયત્રી જ્ઞાનપીઠના પરિવારજનોએ તથા બાપુનગરના પરિજનોએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

**શ્રદ્ધાંજલિઃ**-આણંદ જિલ્લાના નાનકડા એવા ગામડી ગામના શ્રી હરમાનભાઈ દેસાઈભાઈ પટેલનું નિધન થયું છે. જેઓ ગામડી ગાયત્રી શક્તિપીઠના મેનેજીંગ ટ્રસ્ટી તથા પૂજ્ય ગુરુદેવના હનુમાન હતા. તેમની વિશેષતા એ હતી કે જેવી રીતે ભગવાન રામના જન્મના ૬ દિવસ પછી હનુમાનજીનો જન્મ થયો હતો. બરાબર એ જ રીતે પૂજ્ય ગુરુદેવે ૧૮-૧-૧૯૨૬ના વસંત પંચમીના દિવસે અખંડ દીપ પ્રગટાવી ઉપાસના શરૂ કર્યાના ૬ દિવસ પછી હરમાનકાકાનો જન્મ થયો હતો. હનુમાનજીની જેમ પોતાનું સર્વસ્વ જીવન પૂજ્યવરની સેવામાં સમર્પિત કરી દીધું. જીવનનો સૌથી પહેલો મંત્ર હતો 'હું માનવી માનવ થાઉં તો ઘણું' આ મંત્રને જીવનમાં ચરિતાર્થ કરવા તેમને 'સાદુ જીવન ઉચ્ચ વિચાર' તથા સતત કાર્યશીલતાએ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કર્યા. શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ શોધ સંસ્થામાં પણ પાયાની ઈંટ મુકવામાં સહભાગી હતા. તેમને પોતાના સંયુક્ત કુંટુંબમાં પણ એકસૂત્રમાં બંધાઈ રહી એકતા અને અખંડતાનો દિવ્ય સંદેશ સંસારને આપ્યો. એવા દિવ્યઆત્માને આપણે સૌ શ્રદ્ધા સુમન અર્પિત કરતાં માઁ ભગવતીના ચરણમાં પ્રાર્થના કરીએ કે તેમના આત્માને ચિર શાંતિ અને મોક્ષ મળે તથા કુટુંબીજનોને શક્તિ અર્પે.

**પ્રેમ એક અનાદિ તત્ત્વ તથા દર્શન છે, એનો ઉપહાસ ન ઉડાઓ.**

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ઈનામ વિતરણ સમારંભ

## ભા.સં.જ્ઞા.પરીક્ષાનો પુરસ્કાર વિતરણ સમારોહ

**ગાયત્રી શક્તિપીઠ-રાજકોટ**

તા-૭ ફેબ્રુઆરી-૧૦ના દિવસે રાજકોટ ગાયત્રી શક્તિપીઠ ખાતે વર્ષ-૨૦૦૯માં લેવાયેલ પરીક્ષામાં તાલુકા કક્ષાએ ધોરણ-૫ થી ૧૨ સુધીના પ્રથમ ત્રણ ક્રમે આવેલ વિદ્યાર્થીઓની જીલ્લા કક્ષાની શિબિર રાખવામાં આવી હતી. જેમાં લેવાયેલ પરીક્ષામાં અગ્રતા ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

આ શિબિરનો પ્રારંભ પ્રાતઃકાળે અતિથિ વિશેષ શ્રી હેમરાજભાઈ કુગશીયા, આચાર્ય શ્રી સત્યપ્રકાશ વિદ્યા મંદિર રાજકોટ, ભા.સં.જ્ઞા. પરીક્ષાના સંયોજક શ્રી સીદપરા તથા ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગજેરાના વરદ્‌હસ્તે ગાયત્રી મંત્રની સાથે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી સીદપરાએ કાર્યક્રમનો સંક્ષિપ્ત પરીચય આપ્યો તથા સમગ્ર રાજકોટ જિલ્લાની તમામ ભાગીદાર શાળાઓના આચાર્ય તથા શિક્ષક મિત્રોનો આભાર માન્યો હતો.

શ્રી કુગશીયાએ 'હેલ્થ ઈઝ વેલ્થ' તથા 'પહેલું સુખ તે જાતે નર્યા' એ સૂત્રને આધારે વિદ્યાર્થી જીવનમાં લાભદાયી આસનોનું નિર્દેશન કર્યું તથા વિદ્યાર્થીઓ પાસે કરાવ્યા. સાથે સાથે વિદ્યાર્થીઓને પર્યાવરણની જાળવણી તથા ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા પરના સરદાર સરોવર ડેમની યાત્રા પ્રોજેક્ટર ફિલ્મ દ્વારા કરાવી. બપોરે ૪.૦૦ વાગે કસોટીના આધારે દરેક વર્ગના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી પુસ્તકોના પુરસ્કારો આપવામાં આવ્યા.

આ પુરસ્કાર સમારોહમાં રાજકોટની શ્રેષ્ઠ શાળાઓના મહાનુભાવો સર્વશ્રી ડૉ.મોદી સાહેબ, સર્વોદય સંકુલના ચેરમેન શ્રી ભરતભાઈ ગાજીપરા, શ્રી સિંહાર સાહેબ, સ્વામીનારાયણ ગુરુકુળના આચાર્ય શ્રી વઘાસીયા સાહેબ, શ્રી કુગશીયા સાહેબ તથા વિદ્યાર્થી પ્રવૃત્તિના વિકાસ માટે ડીજીટલ પ્રોજેક્ટર અર્પણ કરનાર શ્રી દર્શનભાઈ પારેખ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ડોલીબેન વગેરેના વરદ્‌હસ્તે વિદ્યાર્થીઓને પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા. અંતમાં ગાયત્રી શક્તિપીઠના મંત્રી શ્રી ધ્રાફાણીજીએ સૌ પરિજનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કર્યું. ☼

## ૨૧૦૦૦ સદવાક્યો, પોકેટબુકો, સેંકડો દેવ સ્થાપનાના ચિત્રની સ્થાપના કરવામાં આવી

**જુનાગઢ ગાયત્રી પરિવાર શાખા, ગિરનાર રોડ**

જુનાગઢ જિલ્લામાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૦૯-૧૦ના વર્ષમાં અંદાજી જીલ્લાના સક્રિય તાલુકા-જુનાગઢ, વેરાવળ, તાલાળા, સૂત્રાપાડા, ઉના, મેંદરડા, વંથલી, કેશોદ વગેરે તાલુકાઓમાં શાળાઓમાં વિદ્યાર્થીઓના જન્મ દિવસે બોલપેન, ચોકલેટ આપવાની પ્રથા બંધ કરીને હવે પુરસ્કાર રૂપે બ્રહ્મભોજ વાળી પોકેટ બુકો આપી નવી પ્રથા આરંભ કરવામાં આવી.

**વિદ્યાર્થી શિબિર**-જીલ્લાના તાલુકા કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ગોના વિદ્યાર્થીઓની એક આવે છે. આ શાળાના તમામ શિક્ષકોએ શાંતિકુંજ આવવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી.

આ કાર્યક્રમની સફળતા માટે જિલ્લા સંયોજક શ્રી નાગજીભાઈ વાળા, વરિષ્ઠ પરિજન શ્રી લક્ષ્મણસિંહ ચુડાસમા, મંજીબેન પટેલ, શ્રી નર્મદાબેનના સામૂહિક




પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

જીલ્લાની કામગીરી સંભાળતા પરિજનોના સામૂહિક પ્રયાસથી જીલ્લાના તાલુકાની શાળાઓમાં આચાર્યશ્રી/ટ્રસ્ટીગણોની સંમતિથી શાંતિકુંજના માર્ગદર્શનમાં વિદ્યા વિસ્તાર અંતર્ગત જીલ્લાની શાળાઓ/છાત્રાલયોમાં ચાલુ વર્ષની પરીક્ષાના અંતે અનુયાજના ભાગ રૂપે ૨૧૦૦૦ નાના-મોટા સદ્‌વાક્યો દરેક વર્ગખંડમાં, પ્રાર્થના હૉલમાં, પ્રીન્સીપાલ ઓફિસમાં ચોંટાડવામાં આવ્યા.

શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તક માલા સેટની વિશિષ્ટ પુસ્તકો-હિમ્મતન હારો, સફળ જીવન-વિદ્યાર્થી લક્ષ વગેરે પોકેટ બુકો બ્રહ્મભોજમાં શાળાઓના આચાર્યોના સહયોગથી શાળાની લાયબ્રેરીના પુસ્તકો માટેની ગ્રાંટમાંથી ખર્ચ કરી શાળાઓમાં પુસ્તકો વિતરણ અનુયાજના ભાગ રૂપે કરવામાં આવ્યું.

**વિદાય સમારંભઃ**ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓના વિદાય સમારોહ સમયે શાળા તરફથી બોર્ડની પરીક્ષા સમયે બાળકોના માનસિક, શારીરિક મનોબળ-આત્મબળની વૃદ્ધિ માટે સકારાત્મક વિચાર માટે યુગ સાહિત્યના સ્વાધ્યાયની પ્રેરણા આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**જન્મદિવસ સંસ્કાર**-ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના માધ્યમથી

દિવસીય શિબિર દ્વારા શિક્ષકો તથા વિદ્યાર્થીઓની મિશનની ગતિવિધિ, પરીક્ષા માટે ગાયત્રી મંત્રનુ પ્રાર્થનામાં મહત્ત્વ વગેરે માર્ગદર્શન દ્વારા પ્રેરણા આપવામાં આવી.

**શિક્ષક શિબિર**-જીલ્લાના તાલુકાના લગભગ દર વર્ષે ૨૦-૨૫ આચાર્યો/સહાયક શિક્ષકો શાંતિકુંજ પ્રશિક્ષણમાં ભાગ લેવા આવે છે. દરેક શિક્ષકોને આ શિબિરના માધ્યમથી મિશનની જાણકારી આપવામાં તથા ભારતીય સંસ્કૃતિ શા માટે લેવામાં આવે છે, તેની વિસ્તૃત જાણકારી મેળવી ખૂબ જ ઉત્સાહ પોતાની શાળાઓના બાળકોને આ પરીક્ષા માટે તૈયાર કરે છે.

**સ્વામી વિવેકાનંદ જયંતી**-તા-૧૨ જાન્યુઆરી-૧૦ના દિવસે સ્વામી વિવેકાનંદ જયંતીના દિવસે શ્રી આર.એસ.કાલરીયા જુનાગઢના આચાર્યશ્રી, ભારતીબેને પરીક્ષા સંબંધી તમામ પરિજનોને નિમંત્રણ આપ્યું હતું. તમામ પરિજનોએ ગાયત્રી મંત્ર સાથે સમૂહ પ્રાર્થના કરી. તમામ વરિષ્ઠોએ સ્વામી વિવેકાનંદ-ના જીવન ચરિત્ર પર પ્રાસંગિક પ્રેરણાદાયક પ્રવચન આપ્યું. તેની સાથે તમામ બાળકોના ૨૦૧૦ના વર્ષમાં આવતા જન્મદિવસ સંસ્કાર મનાવવાની પ્રેરણા આપવામાં આવી. આચાર્યશ્રી તરફથી તમામ બાળકોને પોકેટબુક ભેટ રૂપે વિતરણ કરવામાં આવ્યા. આ શાળામાં દર વર્ષે ૨૦૦ થી ૩૦૦ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં બેસાડવામાં

પુરુષાર્થ કર્યો હતો.

**કારડીયા છાત્રાલયમાં નારી જાગરણ સંદેશ**-તા-૧૦ જાન્યુઆરી-૨૦૧૦ના દિવસે કારડીયા છાત્રાલય-માં આચાર્યશ્રી નિમિષાબેન તથા ગૃહમાતા સંસ્થાના ટ્રસ્ટી શ્રી પઢિયાર સાહેબ તથા છાત્રાલયના કારડીયા સમાજના આગેવાન તથા પ્રમુખ ગાયત્રી શક્તિપીઠના પરિજન શ્રી ગોવિંદભાઈ ડોડીયાની ઉપસ્થિતિમાં પ્રાર્થના પૂરી થયા પછી વરિષ્ઠ પરિજન શ્રી લક્ષ્મણસિંહ ચુડાસમાએ કન્યાઓને ગાયત્રી મંત્ર-



નારી જાગરણ સાથે મિશનનો સંદેશ આપ્યો. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે શ્રદ્ધેય ડૉ.પ્રણવ પંડ્યા અગાઉ આ છાત્રાલયની મુકાલાત લઈ ચુક્યા છે. આ છાત્રાલયની કન્યાઓ નિયમિત ગાયત્રી યજ્ઞ તથા જન્મદિવસ મનાવે છે અને સાથે સાથે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનો સ્વાધ્યાય પણ કરે છે. શ્રી ગોવિંદભાઈના વરદ્‌હસ્તે આ કન્યાઓને જન્મશતાબ્દી વર્ષ અંતર્ગત ૫૦૦ મંત્રલેખન બુકો, ૫૦૦-પોકેટ બુકોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

**કેલેન્ડર્સ-દેવ સ્થાપના ચિત્ર**:-સ્થાનિક પરિજનોએ ગુરુજી-માતાજી તથા પ્રખર-પ્રજ્ઞા, સજલ-શ્રદ્ધાના ફોટાવાળા ૨૦૦ કેલેન્ડરો-૨૦૧૦ના છપાવી જીલ્લા ગાયત્રી પરિવાર તરફથી સ્થાનિક લગભગ-૨૦૦ પ્રાથમિક શાળાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. ☼

## પ્રજ્ઞા શિશુ વિદ્યાલયનો ૭ મો પુરસ્કાર વિતરણ સમારોહ

**પ્રજ્ઞા શિશુ વિદ્યાલય**
**ભટગામ રોડ-ઓલપાડ**
**જિલા-સુરત(ગુજરાત)**

તા-૭ ફેબ્રુઆરી-૧૦ના દિવસે પ્રજ્ઞા શિશુ વિદ્યાલયનો ૭મો ઈનામ વિતરણ-સાંસ્કૃતિક મહોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સંસ્કાર, શિસ્ત અને શિક્ષણ-વિદ્યા-વિસ્તારના ઉદ્દેશ્યથી શરૂ કરેલ આ શાળાએ ૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. બાળકોએ કરેલી શારીરિક, શૈક્ષણિક, પ્રગતિને બિરદાવવા સાંસ્કૃતિક કાર્યક્રમને જ-૨ પટેલ ટકારમા હાઈસ્કૂલ,તા-ઓલપાડના આચાર્યશ્રી પ્રવીણસિંહ સોલંકી તથા સાયણ સુગરના ડીરેક્ટર શ્રી પ્રવીણભાઈ સુરતીના વરદ્‌હસ્તે દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાનું કૌશલ રજુ કર્યું હતું. આચાર્યશ્રી પ્રવીણસિંહ સોલંકી તથા પ્રવીણભાઈ સુરતી વગેરેએ શાળાની શૈક્ષણિક, શારીરિક અને આધ્યાત્મિક પ્રગતિને બિરદાવી ગાયત્રી પરિવારના સંસ્કારની પ્રશંસા કરી હતી. ગાયત્રી પરિવારે પણ શાળા પ્રગતિના સોપાન સર કરે તેવા આશીર્વચનો પાઠવ્યા હતા. શ્રી ગુલાબસિંહ સોલંકીએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. શ્રી ગણપત-ભાઈ લાડે શાળાનો સંસ્થાનો પ્રગતિ હેવાલ રજુ કર્યો હતો. શ્રી બિપિનભાઈ ત્રિવેદીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ☼

## ફાર્મ-૪

| | |
|---|---|
| પ્રકાશન સ્થળ | - હરિદ્વાર |
| પ્રકાશનનો સમયગાળો | - પાક્ષિક |
| પ્રકાશકનું નામ | - શૈલબાળા પંડ્યા |
| પ્રકાશકનું સરનામુ | - શાંતિકુંજ, હરિદ્વાર |
| શું ભારતીય નાગરિક છે? | - હાં, ભારતીય |
| મુદ્રકનું નામ | - શાંતિકુંજ, હરિદ્વાર |
| તંત્રીનું નામ | - વીરેશ્વર ઉપાધ્યાય |
| તંત્રીનું સરનામું | - શાંતિકુંજ, હરિદ્વાર |
| શું ભારતના નાગરિક છે? | - હાં, ભારતીય |
| એ વ્યક્તિઓના નામ તથા સરનામા જે આ સમાચાર પત્રના માલિક હોય તથા સંપૂર્ણ મૂડીના એક ટકાથી વધુ ભાગીદાર હોય | યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ, હરિદ્વાર |

હું શ્રીમતી શૈલબાળા પંડ્યા પ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરું છું કે મારી વધુમાં વધુ જાણકારી તથા વિશ્વાસના આધારે ઉપરોક્ત માહિતી સાચી છે.

તા-૨૧-૩-૨૦૧૦ પ્રકાશકની સહી
શ્રીમતી શૈલબાળા પંડ્યા

**શાકાહારને જ મનુષ્યનો પ્રાકૃતિક આહાર માનવામાં આવ્યો છે.**

# યુવા સંમેલનો દ્વારા યુવાનોને જગાડવાનો અભિનવ પ્રયોગ

## યુવા સંમેલનથી ઉમટ્યો નવો સંકલ્પ

**હરદોઈ (ઉત્તર પ્રદેશ)**

હરદોઈ ક્ષેત્રના યુવા સંગઠને જન્મશતાબ્દી વર્ષનું મહત્ત્વ સમજાવતાં પોતાના ક્ષેત્રમાં યુગ શક્તિના પ્રવાહને પ્રખર બનાવવા માટે બેઠક રાખવામાં આવી હતી. તા-૧૭ જાન્યુઆરીના દિવસે રાજકીય ઈંટર કૉલેજ પરિસરમાં યોજાયેલ આ યુવા શક્તિ સંગતિકરણ સંમેલનમાં શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી દિશા-નિર્દેશ આપવા પહોંચ્યા હતા. ધ્રુજારી દેનારી ઠંડીમાં યુવાનોએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો. આયોજકોએ અનુમાનિત સંખ્યાના આધારે રાજકીય ઈંટર કૉલેજ સભાહૉલમાં કાર્યક્રમ રાખ્યો હતો. પરંતુ જ્યારે અનુમાનથી મોટી સંખ્યામાં યુવાનો આવી ગયા, તો યુવાનોને મેદાનમાં જ ઉભા રહેવું પડ્યું. અહીં પણ યુવાનોએ અનુશાસનનો પરિચય આપતાં ધૈર્ય અને ગંભીરતાથી સંદેશ સાંભળ્યો.

આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજીએ જ્યાં કાર્યકર્તાઓને જન્મશતાબ્દીના કાર્યક્રમોને ગતિ આપવા તથા પ્રજ્ઞાવતારનું સ્વરૂપ તથા મહત્ત્વ સમજાવ્યું. ત્યાં યુવાનોએ સાધના, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, નારી જાગરણ, વ્યસન મુક્તિ અને કુરિવાજ નાબુદી જેવા વિષયો પર વિસ્તારથી જાણકારી મેળવી.

શાંતિકુંજ મનીષી શ્રી ઉપાધ્યાયજીએ કહ્યું કે યુવાનોને પોતાના પ્રાકૃતિક અને નૈતિક સમતોલનને સમજાવતાં ફરીથી ચાલતી હવાઓના સંગીતને, કોયલની કૂકમાં વાસંતી રસની અને પપીહાની હૂકમાં સ્વાતિ બૂંદોની જેમ સમજવું પડશે. આ સૌના માટે આપણે પોતાના સાંસ્કૃતિક થાપણ વેદો પોતાની સંસ્કૃતિ અને ધર્મની તરફ પાછા ફરવું પડશે. કેમ કે શાલીન યુવક જ શ્રેષ્ઠ, ઉન્નત સશક્ત, રાષ્ટ્રનો અને સ્વાવલંબન યુવક સંપન્ન રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. કાર્યક્રમથી પ્રભાવિત થઈ યુવાનોએ ભય, ભ્રષ્ટ્રાચારની સાથે પોતાના દુર્ગુણો સામે લડવા માટે સમ્મત જોવા મળ્યા. તમામ યુવક-યુવતીઓ પોતાની ઉર્જાને સાચી દિશામાં લગવવા માટે સંકલ્પિત થયા.



મંચ પર કેન્દ્રીય પ્રતિનિધિ આદ. શ્રી વીરેશ્વર ઉપાધયાયજી



હરદોઈ યુવા ચેતના શિબિરમાં આદ. શ્રી વીરેશ્વર ઉપાધયાયજી

એ દરમ્યાન યુવાનોએ પશ્ચિમી સભ્યતાના દુષ્પ્રભાવોથી દૂર રહીને શ્રેષ્ઠ જીવન જીવવા તથા દેશના વિકાસ તથા માનવીય જીવન જીવવાના ઉત્થાન માટે કાર્ય કરવાના સંકલ્પ પત્ર ભર્યા. સંમેલનમાં સ્લાઈડ પ્રોજેક્ટરના માધ્યમથી યુવા શક્તિનું મહત્ત્વ એક વિચાર ક્રાંતિ અભિયાનમાં યોગદાન પર પ્રકાશ ફેંકવામાં આવ્યો.

પ્રાંતીય યુવા મંડળના પ્રમુખ શ્રી અનિલ શ્રીવાસ્તવે કહ્યું કે આ આયોજન પછી પ્રદેશના દરેક જિલ્લા તથા તાલુકા કક્ષાએ અભિયાન ચલાવીને પૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યના વિચારોને જન-જન સુધી પહોંચાડવા સંકલ્પ લીધો. સેવાભાવી તથા ઉત્કૃષ્ટ યોગદાન આપનારા શ્રી આલોક શ્રીવાસ્તવ, શ્રી અજય મિશ્ર, શ્રી બિપીન સોની, શ્રી અનુરાગજી વગેરેને તિલક કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમ સફળ બનાવવામાં સંયોજક શ્રીમતી રેખા ત્રિપાઠી, ભગવત શરણ અવસ્થી, વસંત કુમાર ગુપ્તા, નરેશ ચંદ્ર ત્રિપાઠી, આર.બી.શર્મા તથા રાખી મહિન્દ્રા સહિત જિલ્લાના સમસ્ત ગાયત્રી પરિવારનું વિશેષ યોગદાન રહ્યું.

## વિવેકાનંદ જયંતીમાં 'જન'ને વાંગ્મય ભેટ કર્યો

**હજારીબાગ (ઝારખંડ)**

સ્વર્ણ જયંતી પાર્ક, હજારીબાગમાં સાગર ભક્તિ સંગમ તથા ગાયત્રી પરિવાર હજારીબાગના સંયુક્ત તત્ત્વાવધાનમાં વિવેકાનંદ જયંતી સેંકડો યુવાનો તથા વિશિષ્ટ અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવી.



આ અવસર પર યોજાયેલ સભામાં મુખ્ય અતિથિ સત્ર ન્યાયાધીશ શ્રી શિવનારાયણ સિંહે કહ્યું કે આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી દ્વારા સંપાદિત અખંડ જ્યોતિ મારી પ્રિય પત્રિકા છે. એનાથી હું સમય-સમય પર ટિપ્સ લેતો રહું છું. ખાસ કરીને એમાં બોક્સમાં આપવામાં આવેલ કોટેશન ખૂબ જ મહત્ત્વપૂર્ણ તથા પ્રેરણાદાયક હોય છે. શ્રી વિજય કેશરીએ ભારતીય સંસ્કૃતિના ઉન્નાયક સ્વામી વિવેકાનંદજીના કાર્યો તથા માર્મિક સંસ્મરણોનો ઉલ્લેખ કરતાં યુવાનોને સમાજની મુખ્ય ધારામાં પાછા ફરવા આવાહન કર્યું. આ અવસર પર ગાયત્રી પરિવારના શ્રી ડૂંગરમલ જૈને ન્યાયાધીશ મહોદયને વાંગ્મય ભેટ કર્યા.

## રાષ્ટ્રીયતા પ્રત્યે જાગરૂક થયા યુવાનો

**સિવાન (બિહાર)**

ગાયત્રી શક્તિપીઠના પ્રજ્ઞા યુવા પ્રકોષ્ઠ શાખા છેલ્લા ૩ વર્ષથી યુવાનોમાં નૈતિક, બૌદ્ધિક તથા સ્વાવલંબન માટે પ્રયાસરત છે તથા એમાં રાષ્ટ્રીય ભાવના જગાડવાનું કામ કરી રહેલ છે. એનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોનો સર્વાંગીણ વિકાસ છે.

દેશરત્ન ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, સાંપ્રદાયિક એકતાના પ્રતીક મૌલાના મઝહરુલ હકની પાવન ધરતી સિવાનના ઈંડોર સ્ટેડિયમમાં પ્રજ્ઞા યુવા પ્રકોષ્ઠ દ્વારા ઉપ ડિવિઝનલ કક્ષાએ યુવા ચેતના શિબિર તા-૨ જી ફેબ્રુઆરીના દિવસે યોજાઈ ગઈ. આ શિબિરમાં છપરા, સિવાન તથા ગોપાલગંજ જિલ્લાના લગભગ ૧૧૦૦ યુવક-યુવતીઓ તથા અન્ય પ્રબુદ્ધ લોકોએ ભાગ લીધો હતો.

આ અવસર પર મુખ્ય અતિથિ ભૂમિસુધાર પદાધિકારી ગોપાલગંજ શ્રી ઉપેન્દ્રનાથ પાંડેએ યુવાનોના ચરિત્ર નિર્માણ પર ભાર આપ્યો. તેમણે કહ્યું કે જુના જમાનામાં યુવાનોને શિક્ષણ-દીક્ષા ગુરુકુળમાં આપવામાં આવતી હતી. વિશિષ્ટ અતિથિ વિભાગ અધ્યક્ષ જંતુ વિજ્ઞાન, ડી.એ.વી. સ્નાતકોત્તર મહાવિદ્યાલય શ્રી રવિન્દ્ર પાઠક તથા ધારાસભ્ય શ્રી મનોજસિંહ વગેરેની ગૌરવમય ઉપસ્થિતિ રહી.

શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી રાકેશ જાયસ્વાલે કહ્યું કે ઈન્સાનની અંદર એવી શક્તિ ભરી પડી છે, જો તેને જગાડી શકે, તો તે ઋષિ, મહામાનવ, વિવેકાનંદ, મહાત્મા ગાંધી, નેપાલિયનની જેમ ક્ષિતિજ પર છવાઈ શકે છે. તેમણે યુવાનોને કહ્યું કે સ્વપ્ન જોવા સારી વાત છે પરંતુ તેને સાકાર કરવા માટે તેને પોતાની અંદર સાચા સૂઝ-બૂઝ તથા પોતાની આંતરિક શક્તિઓનું કુશળ મેનેજમેન્ટ કરવું પડશે.

કાર્યક્રમના મુખ્ય આકર્ષણ મુસ્લિમ પરિજન સુશ્રી રેહાના ખાતૂન રહ્યા. તેમણે કહ્યું કે અમોને અહીં આવીને લાગ્યું કે ગાયત્રી પરિવાર યુવા પ્રકોષ્ઠ માત્ર ધાર્મિક સંસ્થા જ નથી, પરંતુ યુવાનોને જીવન જીવવાની કળા શિખવાડનારૂ સર્જનશીલ સંગઠન છે. જોન કન્વીનર શ્રીકાંત ભટ્ટે યુવાનોને શિક્ષણની સાથે વિદ્યા પણ ગ્રહણ કરવાની વિદ્યાથી જાણકારી કરાવી. પ્રજ્ઞા યુવા પ્રકોષ્ઠના જિલ્લા સંગઠન કન્વીનર શ્રી રત્નેશ્વરે પ્રગતિ રિપોર્ટ રજુ કર્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી નાગમણિએ કર્યું.

## યુવાનોમાં નવા ઉત્સાહનો સંચાર થયો

**સિંગરૌલી (મધ્યપ્રદેશ)**

ભારતીય સંસ્કૃતિના સંવાહક સ્વામી વિવેકાનંદના જન્મદિવસના દિવસે યુવા ચેતના સંમેલનના રૂપમાં ગાયત્રી પરિવાર તથા માયારામ મહાવિદ્યાલયના સંયુક્ત આયોજનમાં સિંગરૌલી માયારામ મહા વિદ્યાલયના પ્રાંગણમાં આયોજન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ દીપ પ્રગટાવી તથા માતૃવંદના સાથે કરવામાં આવ્યો.

આ અવસર પર મુખ્ય અતિથિ અપર કલેક્ટર શ્રી મનોજ ખત્રીએ ભારતીય સંસ્કૃતિના પુરોધા સ્વામીજીના સંસ્મરણને માર્મિક ઢંગથી સમજાવ્યા. વિશિષ્ટ અતિથિ સી.જે.એમ. શ્રી જે.એન.ડી. દ્વિવેદીએ સ્વામીજીના કાર્યો તથા વ્યક્તિત્વ પર પોતાના વિચારો વ્યક્ત કરતાં યુવાનોને ભારતીય સંસ્કૃતિના પ્રચારમાં સહયોગ કરવાની વાત કહી. છાત્રા સુશ્રી ગીતા પાઠકે યુવા વર્ગમાં આવતી નબરાઈ, વ્યસન અને ભટકાવના વિષયમાં વ્યાખ્યાન આપ્યું. સુશ્રી શ્રદ્ધાંજલિ ત્રિપાઠીએ ગાયત્રી મંત્રને પૂર્ણ રૂપથી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અધ્યાત્મ સાથે જોડવાનો સફળ વિચાર પ્રગટ કર્યો. અધ્યાત્મ વગર યુવા વર્ગ પોતાના લક્ષ્યને પૂરો નથી કરી શકતા. ગાયત્રી મંત્રની શક્તિ યુવાનોને જ નહીં, સમાજના પ્રત્યેક વ્યક્તિને તેને પોતાના લક્ષ્યને પૂરો કરવામાં શક્તિ પ્રદાન કરે છે. સુશ્રી આકૃતિ સિંહે દેશને આગળ વધારવા માટે સ્વયંની શક્તિને ઓળખી અને સમાજમાં ઉપેક્ષિત અને નિરક્ષર લોકોને સાથે લઈને ચાલવાના વિચાર વ્યક્ત કર્યા. ઉપજોન રીવાના શ્રી પ્રસેનસિંહે કહ્યું કે ગાયત્રી પરિવાર કોઈ ધર્મ, સંપ્રદાય અથવા જાતિ વિશેષ માટે નથી, બલ્કે સમસ્ત પ્રાણીમાત્રના કલ્યાણ માટે છે. મનની શક્તિને વધારવા, આચરણ અને પ્રબળ ઈચ્છા શક્તિના સહારે વિશ્વના સમસ્ત દેશ અમારા દેશના નિર્દેશાનુસાર ચાલતા રહે.

સંમેલનમાં ગાયત્રી પરિવારના યુગગાયકો દ્વારા પ્રેરક પ્રેરણાપ્રદ ગીત 'નવયુગ કી ગંગોત્રી સે...' તથા 'ચલેંગે હમ જગત્ જનની....' વગેરે ગીત રજુ કર્યા. ઉપસ્થિત યુવા વર્ગ સહિત ૬૦૦ થી વધારે લોકોએ ભાગીદારી કરી. સૌએ વિવેકાનંદના વિચારોના પ્રેરણાપૂર્ણ ઉદ્બોધનથી પોત-પોતાના જીવનની દિશા નક્કી કરવા સંકલ્પ લીધો. શ્રી હરેરામજીએ વિદ્યાર્થીઓને એકાગ્રચિત થવાના ગુણ બતાવ્યા. શ્રીરામ અશોક શર્મા, શ્રી ગિરીશ દ્વિવેદી, આચાર્ય શ્રી ડી.કે.એસ. શંભૂરત્ન વગેરેએ પણ પોત-પોતાના વિચાર પ્રગટ કર્યા.

### શિબિરમાં ઉમટેલ સંકલ્પ

- ગૌસંવર્ધન તથા જૈવિક કૃષિ માટે ગામે-ગામમાં યુવા મંડળોની રચના કરવી.
- વૃક્ષારોપણ માટે ૧૦૮ લીમડાના વૃક્ષ લગાવવા.
- ગ્રામ સ્વચ્છતા તથા સંરક્ષણ દ્વારા પ્રકૃતિ પર્યાવરણને વ્યવસ્થિત કરવી.
- ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા જિલ્લાની પ્રત્યેક વિદ્યાલયમાં કરાવવી.
- દૂરસ્થ શિક્ષણ કેન્દ્ર સંચાલિત કરવા માટે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય ગાયત્રીકુંજ હરિદ્વાર સાથે મહાવિદ્યાલયોને જોડવી.
- યોગ સ્વાસ્થ્ય શિબિર માટે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય સાથે સંપર્ક કરી શિબિર કરાવવી.

**જીવન ક્યારેય પણ એક સમાન સમતલ નથી હોતું.**

# સમાજમાં નવી સર્જનાત્મક ચેતનાનો સંચાર કરતા વિવિધ કાર્યક્રમો

## સનાવદમાં પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રાણવાન સમારંભ

**સનાવદ-ખરગોન (મ.પ્ર.)**

મધ્યપ્રદેશના દક્ષિણ-પશ્ચિમમાં નર્મદાના દક્ષિણી તટ પર આવેલ સનાવદમાં ૧૮ થી ૨૦ જાન્યુઆરીના પાવન વસંત પર્વ પર ગાયત્રી શક્તિપીઠમાં પ્રાણ પ્રતિષ્ઠા, ૫૧ કુંડી યજ્ઞ તથા ૧૨૧ યુગલોના સામૂહિક આદર્શ લગ્ન સંસ્કાર રાખવામાં આવ્યા હતા. આ વિરાટ આયોજનમાં ૭૦ થી ૮૦ હજાર શ્રદ્ધાળુઓએ ભાગીદારી કરી હતી. આ કાર્યક્રમને સંપન્ન કરાવવા શાંતિકુંજથી વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી કેશરી કપિલજીના નેતૃત્વમાં ટોળી ગઈ હતી. એમાં સર્વશ્રી દિનેશ પટેલ, રમેશ પાટીદાર, પ્રેમલાલ બિરલા, માયાચંદ ભારદ્વાજ તથા પવન પાટીદાર સામેલ હતા.

પ્રથમ દિવસ વિશાળ કળશયાત્રા -ની સાથે કાર્યક્રમનો શુભારંભ થયો. ૧૨૦૦ થી વધારે પીતવસ્ત્ર ધારી બહેનો તથા કન્યાઓએ કળશ ધારણ કરી સમગ્ર શહેરના મુખ્ય માર્ગોથી આ પાવન આયોજનનો સંદેશ આપ્યો. સાંજના ૭.૦૦ વાગ્યાથી કેન્દ્રીય પ્રતિનિધિ શ્રી કેશરી કપિલજીએ મિશનની બહુઆયામી યોજનાઓની વિસ્તાર-થી જાણકારી આપી. આગામી દિવસે પ્રાતઃ 33 કોટી દેવતાઓના આવાહન -ની સાથે ૫૧ કુંડી મહાયજ્ઞ આરંભ થયો. સાંજના સમયે વિરાટ દીપયજ્ઞની સાથે પ્રબુદ્ધ વર્ગ સંબોધન તથા કાર્યકર્તા બેઠક સંપન્ન થઈ. એમાં હજારો લોકોએ પૂજ્યવરનો સંદેશ સાંભળ્યો.

૨૦ જાન્યુઆરીના બ્રાહ્મમુહૂર્તમાં માઁ ભગવતી ગાયત્રીનું પ્રતિક તથા પાવન સજલ શ્રદ્ધા-પ્રખર પ્રજ્ઞાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. કેન્દ્રીય પ્રતિનિધિઓએ યુગઋષિની શક્તિ-પીઠ નિર્માણની દૂરદૃષ્ટિપૂર્ણ યોજના તથા યુગશક્તિના અવતરણનું દાર્શનિક સ્વરૂપને વિસ્તારથી જાણ્યું.

આ અવસર પર ૧૨૧ યુગલોના વૈદિક વિધિ સાથે સામૂહિક આદર્શ વિવાહ સંપન્ન થયા. આ આયોજનમાં મુસ્લિમ ભાઈઓએ સાંપ્રદાયિક સદ્ભાવનાનો પરિચય આપતાં તમામ જોડાને એક-એક ઘડિયાળ ભેટ આપી.

આ આયોજનમાં સ્થાનિક ધારાસભ્ય શ્રી હિતેન્દ્રસિંહ સોલંકી તથા કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી અરૂણ યાદવજી પણ પધાર્યા હતા. ગાયત્રી પરિવારના રચનાત્મક કાર્યક્રમોથી પ્રભાવિત થયેલ શ્રી સોલંકીજીએ પાંચ લાખ રૂપિયા ગાયત્રી શક્તિપીઠના બાંધકામ માટે તથા રચનાત્મક કાર્યક્રમોમાં સહયોગ રૂપે આપવાની ઘોષણા કરી. ભીલગામ (કસરાવદ)ના શ્રી રાજેશ તઁવરે ઑંકારેશ્વરમાં બંધાઈ રહેલ શક્તિપીઠ માટે લિફ્ટ માટે બાંધકામ કરાવવાની ઘોષણા કરી.

ચાર વિરાટ ભોજનાલય બનાવવામાં આવ્યા, જેમાં એક ભોજનાલયનું સંપૂર્ણ સંચાલન માત્ર બહેનોએ કર્યું. પાર્કિંગથી લઈને ભોજનાલયો સુધી તથા યજ્ઞશાળાથી લઈને મંદિર પરિસર સુધી દરેક વ્યવસ્થાઓમાં ગાયત્રી પરિવાર સનાવદ ક્ષેત્રના ભાઈઓ તથા બહેનોનો પૂરેપૂરો સહયોગ રહ્યો હતો. આટલી મોટી વ્યાપક વ્યવસ્થામાં ક્યાંય પણ પોલીસ વ્યવસ્થા તંત્રનો સહયોગ નથી લીધો. એનાથી સ્થાનીય પોલીસ પ્રશાસન પણ આશ્ચર્ય ચકિત હતું. આયોજનમાં દરેક ભાગીદારના મોઢે કાર્યક્રમના અંતમાં એક જ વાત સાંભળવા મળી કે આટલો સુવ્યવસ્થિત કાર્યક્રમ અમોએ પહેલી વાર જોયો.

આયોજનને સંપન્ન કરવામાં તાલુકાના ૨૨૭૦ સમયદાની કાર્યકર્તાઓની ૧૬ સભ્યોની ટીમે પોતાનો સક્રિય સહયોગ આપ્યો. આ તમામ વ્યવસ્થાઓના સંચાલનમાં સર્વશ્રી રવીન્દ્ર દુબે, ડૉ.કે.કે. શ્રીવાસ્તવ, ડૉ.સોહન ચાચરિયા, ડૉ.એસ.એસ.યાદવ, શ્રી રુદ્રેશ માલવીય, શ્રી પન્નાલાલ બિરલા, શ્રી ચૈતરામ બિરલા તથા શ્રી સુરેન્દ્ર ભારતી હતા. ☼



સનાવદ (મ.પ્ર.)માં શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી કેશરી કપિલજી સાથે કેન્દ્રીય ટોળીના પ્રતિનિધિઓ

## હિમાલયની તળેટીમાં ગુંજી ઉઠ્યા વ્યસન મુક્તિ સૂત્રોચ્ચાર

**મેનકા-બક્સા (આસામ)**

આસામની ઉત્તરમાં ભૂટાનની તળેટી સાથે લાગેલ સીમા પ્રદેશમાં આવેલ મેનકા ચાના બગીચા તથા દરંગા મેળા વિસ્તાર આવેલો છે. આંતર્રાષ્ટ્રીય સીમા વિસ્તાર હોવાના કારણે વિભિનન જનજાતિય તથા ધર્માવલંબી લોકો નિવાસ કરે છે. આ વિસ્તાર શિક્ષણ તથા આરોગ્યની દૃષ્ટિથી ખૂબ જ પછાત માન્યો છે.

પાછલા વર્ષે શાંતિકુંજની કેન્દ્રીય ટોળી તથા દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થી પોતાની ઈંટર્નશિપ દરમ્યાન કાર્યક્રમ માટે અહીં પહોંચ્યા હતા. ક્ષેત્રનું નિરીક્ષણ કરી વરિષ્ઠ નાગરિકો સાથે ચર્ચા કરી. ત્યારબાદ સત્સંગ, યજ્ઞ શિબિર તથા સામૂહિક જપ જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા. એમાં લોકોનો ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો. પૂજ્યવરના વિચારોથી પ્રભાવિત થઈ યુવાનોની એક પ્રજ્ઞા મંડળની રચના કરવામાં આવી. આ જ મંડળ જન્મશતાબ્દી વર્ષના કાર્યક્રમને વેગ આપવા માટે સંકલ્પિત થઈને જનજાગૃતિના અનેક કાર્યક્રમો કરી રહ્યા છે. યુવાનોએ આ વિસ્તારને વ્યસનથી મુક્ત કરવા માટે વિશેષ પ્રયાસમાં લાગ્યા છે, આમ તો તેમને વર્ષો જૂની આ લતને છોડવવામાં ઘણી સફળતા મળી છે. આ નિમિત્તે પાછલા દિવસોમાં વ્યસન મુક્તિ રેલીના માધ્યમથી લોકોમાં જાગૃતિ લાવવાની વિશેષ યોજના ચલાવવા-માં આવી. આ રેલીમાં ક્ષેત્રના સરકારી અધિકારી, છાત્ર-છાત્રાઓ ગ્રામીણો સહિત ૬૦૦ લોકોએ ભાગીદારી કરી.

એનો શુભારંભ બોર્ડ ટેરીટરી કાઉંસિલના શિક્ષણ, આરોગ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રીએ શ્રી ઈમાનુઅલ મુસાહારીએ કર્યો. આ અવસર પર મુસાહારીએ કાર્યક્રમની ભરપૂર પ્રશંસા કરતા આગળ પણ આ વ્યસન મુક્તિ અભિયાન ચાલુ રાખવાની વાત કહી. રેલી સાથે વ્યસન મુક્તિના સૂત્રોચ્ચાર કરતા કેટલાય ગામોનું ભ્રમણ કરવામાં આવ્યું. ગ્રામીણોએ રેલીનું ભવ્ય સ્વાગત કર્યું તથા જલપાન પણ કરાવ્યું.

કાર્યક્રમ સ્થળ પર આ રેલી સભામાં પરિવર્તીત થઈ ગઈ. જ્યાં પ્રજ્ઞા મંડળના સંયોજક શ્રી રામાવતાર સિંહાનિયાએ સભ્ય સમાજની રચના તથા દુર્વ્યસન છોડવા માટે આવાહન કર્યું. કાર્યક્રમથી પ્રભાવિત તમામ લોકોએ આગામી છ મહિનામાં ક્ષેત્રને વ્યસન મુક્ત કરાવવા માટે હાથ ઉઠાવીને સંકલ્પ લીધો. એમાં શ્રી કમલેશ ગુપ્તાની ટોળીની સક્રિય ભૂમિકા રહી. ☼


વ્યસનમુક્તિ રેલીમાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થી તથા અન્ય

## પૂજ્યવરના સંદેશને આત્મસાત કરતા સેનાના જવાનો

**વિશાખાપટ્ટનમ (આં.પ્ર.)**

નૌસેના બાગમાં ગાયત્રી પરિવાર -ના પરિજનો અને નૌસેનાના અધિકારિ કાર્યકર્તાઓએ જાન્યુ-આરી મહિનામાં અનેક કાર્યક્રમોના આયોજનો રાખવામાં આવ્યા હતા. એનું સંચાલન કરવા શાંતિકુંજથી પ્રો.પ્રમોદ ભટનાગરજી આવી પહોંચ્યા હતા.

પહેલો કાર્યક્રમ ૮ જાન્યુઆરીના દિવસે નૌસેના ચિલ્ડ્રલ સ્કૂલના સભાગારમાં આત્મવિકાસના સોપાન વિષય પર રાખવામાં આવ્યો હતો. એમાં શિક્ષણ નિર્દેશક કમાંડર શ્રી શિવકુમાર સહિત 300 થી વધારે વિદ્યાર્થી તથા શિક્ષણ જગત સાથે સંકળાયેલ અધિકારી, કર્મચારી પૂજ્યવરના વિચારોથી લાભાન્વિત થયા. એ તમામ લોકો શિક્ષણની સાથે વિદ્યા (જીવન જીવવાની કળા)ને આત્મસાત્ કરવા માટે ઉત્સાહિત હતા. અંગ્રેજીમાં યોજાયેલ આ વ્યાખ્યાનની સૌએ પ્રશંસા કરી.

તા-૯ જાન્યુઆરીના દિવસે કોમોડોર બી.એન.શુકલાના નિવાસ પર થયો. અહીં ૬૦ વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં દીપ મહાયજ્ઞનું આયોજન સંપન્ન થયું. એમાં એકાગ્રતા વધારવા તથા તણાવથી દૂર રહેવા માટે જપ, ધ્યાન, જેવા વિવિધ ઉપાયોની જાણકારી આપવામાં આવી. અધિકારિઓએ એને પોતાના દૈનિક જીવનમાં ઉતારવાની વાત સ્વીકાર કરી.

આ પ્રવાસનો મુખ્ય કાર્યક્રમ નૌસેના ચિકિત્સાલય દ્વારા યોજાયેલ 'વિચાર શક્તિ તથા તણાવ પ્રબંધન' વિષય પર હતો. એમાં મુખ્ય અતિથિ રેયર એડમિરલ અનૂપ સિંહજી, કમાડિંગ-ઈન ચીફ પૂર્વી નૌસેના કમાંડર શ્રી અનૂપસિંહ (એ.વી.એસ.એમ.)સહિત વાઈસ એડમિરલ ગણેશ મહાદેવન, રેયર એડમિરલ મુરુગેસન, માઈકલ મોરાસ, કોમોડોર દીપક વાલી, કેપ્ટન એ.કે.પાંડે સહિત તમામ પૂર્વી નૌસેનાના વરિષ્ઠ અધિકારી, સેલર તથા એમના પરિવાર સહિત લગભગ ૧૦૦૦ લોકોએ ભાગીદારી કરી. સૌએ વૈદિક વિધિ સાથે સંપન્ન દીપમહાયજ્ઞ તથા કર્મકાંડની વ્યાખ્યાથી રોમાંચિત થઈ ઉઠ્યા. કાર્યક્રમના અંતમાં કેન્દ્રીય પ્રતિનિધિ સાથે લોકોએ પોત-પોતાની શંકાઓનું સમાધાન મેળવી ઘણા ખુશ થયા. આ કાર્યક્રમ જ્ઞાન અને જાણકારીઓથી ભર્યો હતો.

છેલ્લા દિવસે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનો કાર્યક્રમ ૧૦ જાન્યુઆરી -ના દિવસે કેન્દ્રીય વિદ્યાલય નૌસેના બાગના પ્રાંગણમાં સંપન્ન થયો. જેનો શુભારંભ રેયર એડમિરલ શ્રીમતી એ.બી.સૂબેદારે દીપ પ્રગટાવીને કર્યો. તમામ વરિષ્ઠ નૌસેના અધિકારીઓ સહિત લગભગ ૬૫૦૦ લોકોની ઉપસ્થિતિ રહી. આ અવસર પર લગભગ ૨૦ પરિજનોએ દીક્ષા લીધી. ૧૫૦ થી વધારે અખંડ જ્યોતિ હિન્દી, અંગ્રેજી, તેલુગુ પત્રિકાઓના ગ્રાહક બન્યા તથા જન્મશતાબ્દી પુસ્તકોના લગભગ ૨૫૦ સેટ નિઃશુલ્ક વહેંચવામાં આવ્યા, સાથે સાથે પંદર હજાર રૂપિયાથી પણ વધારે કિંમતનું સાહિત્ય લોકોએ ખરીદ્યું. આ કાર્યક્રમમાં શ્રી ઈંદ્રજીત સિંહની વિશેષ ભૂમિકા રહી. ☼


વ્યસનમુક્તિ રેલીમાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થી તથા અન્ય

**શાકાહારને જ મનુષ્યનો પ્રાકૃતિક આહાર માનવામાં આવ્યો છે.**

# જન્મશતાબ્દી વર્ષમાં ચારે બાજુ ફેલાઈ રહેલ જ્ઞાનક્રાંતિના બીજ

## બંગભૂમિમાં જન્મશતાબ્દી વર્ષની તૈયારીઓ અંતિમ ચરણમાં

**કોલકાતા (પં.બંગાળ)**

૨૨ થી ૨૬ જાન્યુઆરી-૧૦ ની તારીખોમાં યોજાયેલ ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞના સમયે ઔદ્યોગિક નગરવાસી કોલકાતા યજ્ઞ પિતા-ગાયત્રી માતાના સ્વાગતમાં ઉમટી પડ્યા. જન્મશતાબ્દીની પૂર્વ વેળામાં નિરંતર પ્રખર થતી જઈ રહેલ યુગ ચેતનાની અનુભૂતિ કરાવતા આ મહાયજ્ઞમાં સેંકડો લોકોએ ગાયત્રી મંત્રની ગુરુદીક્ષા લઈને મહાકાલની સાથે સહયોગ કરતાં પૂજ્યવરના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ લીધો. આ કાર્યક્રમને સંપન્ન કરાવવા શાંતિકુંજથી ડૉ.એ.કે.દત્તા, શ્રી વીરેન્દ્ર તિવારી, શ્રી રમાકાંત ખરે, શ્રી બ્રજમોહન મહતો, શ્રી અરૂણ સાહુની ટોળી પહોંચી હતી.

કાર્યક્રમના પહેલા દિવસે ૧૦૮ મોટર સાઈકલોની સાથે વ્યસન મુક્તિ રેલી ૩૫ કિ.મી.ની યાત્રા કરી કાર્યક્રમ સ્થળ પર પહોંચી. એમાં પં.બંગાળના ૨૪ શાખાઓના યુવાનોએ ભાગ લીધો હતો. એનો શુભારંભ ભાટપાડા જનરલ હોસ્પિટલના અધ્યક્ષ શ્રી એસ.દત્તા-એ કર્યો. બીજા દિવસે યજ્ઞ સ્થળ પર રક્તદાન શિબિરમાં ૮૦ લોકોએ જરૂરતમંદોના સહયોગાર્થ રક્તદાન કર્યું. આ અવસર પર શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ.એ.કે. દત્તાજીએ રક્તદાનના મહત્ત્વ પર પ્રકાશ ફેંકતા બંગભૂમિની ગરિમા તથા વિશેષતા પર વિસ્તારથી જાણકારી આપી.

સાંજના સમયે પ્રજ્ઞાવતાર નાટકના માધ્યમથી સમાજોત્થાનમાં યુવાનોની ભૂમિકા પ્રશંસનીય હતી. સુશ્રી ચારુલતા ભારતીએ મહિષાસુર મર્દિની તથા વરાહ અવતારના એક નૃત્યથી ઉપસ્થિત લોકોને બંગભૂમિના ઐતિહાસિક પળોને યાદ કરાવી દીધી. તો ત્યાં ઓરિસ્સાથી આવેલ શ્રી પુરુષોત્તમ મુનિની ટોળીએ સંપૂર્ણ કાર્યક્રમમાં શંખધ્વનિ કરી ભારતીય વાદ્યોને પુનર્જીવિત કરી પોતાની તરફ આકર્ષિત કરતા રહ્યા.

આગામી દિવસે ટૈક્સમૈકોના અધ્યક્ષ શ્રી ગોવિંદ ગાંગુલી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવેલ બંગભાષી વિદ્યાર્થીઓને ચિત્રકળા હરિફાઈ રાખવામાં આવી હતી. એમાં સામેલ હરિફોના વાલીઓને અખંડ જ્યોતિ તથા પ્રજ્ઞા અભિયાન પાક્ષિત તથા અન્ય સાહિત્ય ભેટ આપવામાં આવ્યું.

૧૦૮ કુંડી યજ્ઞની ભવ્યતા જોવા જેવી હતી. પ્રત્યેક કુંડના ઉપાચાર્ય ૧૦૮ કન્યાઓએ સંભાળી હતી. યાજકોમાં કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી શ્રી સૌગાત રાય, દક્ષિણેશ્વર આદ્યાપીઠની માતાજી ટેક્સમૈકોના અધ્યક્ષ શ્રી કેલાજી, ઉપાધ્યક્ષ શ્રી એ.કે.નંદા વગેરેએ પ્રસન્નતા વ્યક્ત કરતાં ભૂરી-ભૂરી પ્રશંસા કરી.

શ્રવણ કુમારની જેમ ૨૦૧ બહેનોએ કાવડમાં એક તરફ પૂજ્યવરનું સાહિત્ય તો બીજી તરફ તુલસીના છોડ લઈને સદ્‌વિચાર તથા પર્યાવરણ સંરક્ષણનો ઉદ્‌ઘોષ કરી રહી હતી. કાર્યક્રમનું સમાપન દીપમહાયજ્ઞ સાથે થયો. આ અવસર પર શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી વીરેન્દ્ર તિવારીએ સ્વામી રામકૃષ્ણ પરમહંસ, માઁ શારદામણિ, મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ વગેરે બંગભૂમિના નાયકોની પ્રત્યે જન આસ્થાનું ઉદાહરણ આપતાં કહ્યું કે કેવળ નામ જપવાની અપેક્ષા એમના સમાજ કલ્યાણ જેવા કાર્યોનું અનુગમન કરો. પરમ પૂજ્ય ગુરુદેવનો ઉદ્‌ઘોષ 'હમ બદલેંગે-યુગ બદલેગા' આ વાસ્તવિકતાની તરફ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું. કેન્દ્રીય પ્રતિનિધિઓએ જન્મ-શતાબ્દી તથા યુગ નિર્માણ જેવા મહાન પ્રયોજનો સાથે જોડાયેલ જવાબદારીઓને યાદ અપાવતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મહાયજ્ઞની ઉર્જાથી ક્ષેત્રીય સક્રિયતામાં નવો ઉત્સાહ જાગશે. એ દરમ્યાન કેન્દ્રીય પ્રતિનિધિઓએ પ્રજ્ઞાવતાર નાટકના કલાકારોનું તિલક લગાવીને ભગવાનની સાથે ભાગીદારી કરવાનો સંકલ્પ કરાવ્યો. ✲



કેન્દ્રીય પ્રતિનિધિઓની સાથે યજ્ઞ સમિતિના વરિષ્ઠ પરિજનો

## હિમાલયના હૃદયમાં બની રહેલ સ્વાવલંબન અને સાધનાનું અદ્‌ભૂત કેન્દ્ર

**તા-૨૦ ફેબ્રુઆરીનો દિવસ એવો અદ્‌ભૂત બની ગયો જ્યારે શ્રદ્ધેય ડૉ.સાહેબ, શ્રી શરદ પારધીજી, પ્રજ્ઞા તથા મહુઆ ચેનલના પ્રમુખ શ્રી પી.કે.તિવારી તથા મદર ટેરેસાના નિર્માણ કાર્યને સંપન્ન કરવાવાળા આર્કિટેક શ્રી એમ.કે.સરીનના પ્રતિનિધિ શ્રી વિનીત ભટ્ટ પન્તનગરના હેલિકૉપ્ટર દ્વારા મુનસ્યારી પહોંચ્યા. ૭૦૦૦ ફૂટની ઉંચાઈમાં ગાયત્રી ચેતના કેન્દ્ર બરફથી ઢંકાયેલ હતું. ખૂબ જ મનમોહક તથા દિવ્ય વાતાવરણ હતું જાણે ભગવાન શિવ, પાર્વતી, નંદી, સહિત ત્રિશૂલ ધારણ કરેલ સ્વયં ઉભા ન હોય!**

**માત્ર ૩ કલાકની યાત્રામાં આ સ્થાનને ગૂઢ આધ્યાત્મિક સાધના કેન્દ્ર તથા આધ્યાત્મિક સેનિટોરિયમના રૂપમાં વિકસિત કરવાની યોજના બની. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે શ્રદ્ધેય જીજી પણ આ સ્થાનમાં આવી ચુકી છે. અહીં પૂજ્યવરની વિશેષ ઉપસ્થિતિનો આભાસ થાય છે.**

**મુનસ્યારી ટીમમાં શ્રી સૂરજભાઈ, શ્રી હરીશ, શ્રી કાલિંદી તથા શ્રી સંતોષની સહભાગીદારી હતી. એમણે પણ આ દિવ્ય તથા અલૌકિક ક્ષણના દૃષ્ટા બનવાનો અવસર મળ્યો.**

## પ્રજ્ઞા અભિયાનનું વિદ્યાલય સંસ્કરણ

**આ વર્ષથી પ્રજ્ઞા અભિયાનનું વિદ્યાલય સંસ્કરણ આરંભ કરવાની યોજના શાંતિકુંજે બનાવી છે. આ ચિંતન શિબિરમાં એની પર સંક્ષિપ્ત ચર્ચા થઈ. આ કાર્યમાં રૂચિ રાખવા વાળા યોગ્ય અને જવાબદારી પરિજનોને શોધવામાં આવી રહ્યા છે. આ સંસ્કરણ કેવું હોય, એમાં પાઠક કેવા પ્રકારની વિષયવસ્તુ ઈચ્છે છે? એના સંદર્ભમાં પાઠકોના સજેસન, સુજાવ, સલાહ આમંત્રિત છે. જે આ કાર્યમાં સહયોગ કરી શકે છે, તે પરિજન પણ પોતાની યોગ્યતા તથા શું સહયોગ કરી શકે છે? એનાથી અમોને પણ જાણ કરવા કૃપા કરશો.** **-સંપાદક**

## નવી ત્રિમાસિક સંગીત પ્રશિક્ષણ શિબિર ૦૧લી એપ્રીલ-૨૦૧૦ થી આરંભ

**છેલ્લા કેટલાક વર્ષોથી શાંતિકુંજમાં ચાલી રહેલ ત્રિમાસિક યુગ સંગીત પ્રશિક્ષણ શિબિરની હારમાળા અંતર્ગત નવી શિબિર આગામી ૦૧ લી એપ્રિલ-૨૦૧૦ થી આરંભ થવા જઈ રહેલ છે. તેમાં તાલીમાર્થીઓને સંગીતમય શૈલીમાં કથા-પ્રવચનોની શૈલી શિખડાવવામાં આવે છે. આ શિબિર કેવળ ભાઈઓ માટે જ છે. એમાં એ ભાઈઓ ભાગ લઈ શકે છે કે જેઓ:-**

- **શાંતિકુંજમાં એક માસની અથવા પરિવ્રાજક શિબિર કરી ચુક્યા છે.**
- **ડફલી, હારમોનિયમ, તબલા અથવા નાલની આરંભિક જાણકારી ધરાવે છે.**
- **પ્રાદેશિક ટોળીઓ યા શક્તિપીઠ પર સંગીત ક્ષેત્રમાં સમયદાન આપે છે.**
- **જેમની ઉંમર ૨૦ થી ૪૫ વર્ષની વચ્ચે છે.**



**આ સૂચના પરિજનોને મળે ત્યાં સુધી શિબિરનો આરંભ થઈ જશે. છતાં પણ જે પરિજનો ઉપરોક્ત શરતે સાચા ઠરશે, તો તે પરિજનો અગર જો ભાગ લેવા ઈચ્છા ધરાવતા હશે, તેઓ પોતાની પૂરેપૂરી માહિતી શાંતિકુંજના સંગીત વિભાગને મોબાઈલ નંબર-૦૯૩૫૯૮૧૫૬૦૮ પર તાત્કાલિક આપી દે અને મંજૂરી મળ્યા પછી જ અહીં પહોંચવાની વ્યવસ્થા બનાવી લે.** ✲

## નિરાધારોની ચિકિત્સા માટે તત્પર રેડ સ્વસ્તિક '□'

**હરિદ્વાર (ઉત્તરાખંડ)**

હરિદ્વારના પૂર્ણકુંભમાં આમ તો અનેક આશ્રમ, સંસ્થાઓ પોતાની ધાર્મિક ગતિવિધિઓ તથા સેવાના વિભિન્ન પ્રકલ્પ સંચાલિત કરી રહ્યા છે. એમાં એક એવી સંસ્થા મહારાષ્ટ્ર-થી સેવા માટે આવેલ છે, જેનો ઉદ્દેશ્ય કેવળ પીડિતો, અસહાયોની નિ:શુલ્ક ચિકિત્સા કરવી છે. આ સંસ્થા છે રેડ સ્વસ્તિક '□' આ સંસ્થાના સંસ્થાપક અધ્યક્ષ શ્રી ટી. એસ.ભાલ (આઈ.પી.એસ.) છે. તેમણે તા-૧૨ જાન્યુઆરી-૨૦૦૦ના દિવસે આ સંસ્થાનું નિર્માણ કર્યું. ત્યારથી અત્યાર સુધી બિહાર, દક્ષિણ ભારત, પંજાબ, ઓરિસ્સા, ગુજરાત તથા મહારાષ્ટ્રના બોમ્બ બ્લાસ્ટ જેવા સમયોમાં સેવા કરી ૧૩ લાખથી વધારે લોકોની નિ:શુલ્ક ચિકિત્સા કરી છે.

વર્તમાન સમયમાં મહાકુંભમાં સેવાના ઉદ્દેશ્યથી શ્રી ડૉ.અરુણ દાધીચ તથા ડૉ.ગણેશ પાટીલના નેતૃત્વમાં ૧૦ ઉચ્ચ શિક્ષિત ચિકિત્સક, ૧૫ ચિકિત્સા સહાયકની સાથે ૮ એમ્બુલેન્સ વાહન લઈને તા-૪થી ફેબ્રુઆરીના દિવસે હરિદ્વાર પહોંચી ગયા છે.



અહીં શાંતિકુંજના વ્યવસ્થાપક શ્રી ગૌરીશંકર શર્મા, ડૉ.ગાયત્રી શર્માના માર્ગદર્શન સહયોગથી ચિકિત્સા સેવા સંચાલિત કરી રહ્યા છે. તેમને સૂરતગિરી બંગલા, નિરંજની અખાડા, સપ્તસરોવર ક્ષેત્ર, શાંતિકુંજ, કનખલ ક્ષેત્રમાં પોતાનો ચલચિકિત્સા ચલાવે છે. ડૉ.દાધીચના જણાવ્યા અનુસાર અમારી ટીમે (સમાચાર લખાઈ રહ્યા છે ત્યાં સુધી) લગભગ ૫ હજાર લોકોની નિ:શુલ્ક ચિકિત્સા સેવા કરી છે. આ ટીમ મહાકુંભમાં ચિકિત્સા સેવા કરવા માટે એપ્રીલ સુધી રોકાશે. ✲




**જીવન એટલું જ સાર્થક છે, જેટલું કે સદુદ્દેશ્ય માટે જીવવામાં આવે છે.**

# માયા નગરી મુંબઈના ઔદ્યોગિક પરિવારની બહેનોમાં જાગી રહેલ આધ્યાત્મિકતા

**શાંતિકુંજ-હરિદ્વાર**

મુંબઈ ઉદ્યોગપતિ શ્રીમતી શ્રેયાબેનના નેતૃત્વમાં સુશ્રી પૂનમ પરીખ, સુશ્રી સુચિતા જાગીરદાર, પૂનમ તેજ જેવી ૩૦ બહેનોની ટીમ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી, આદરણીય શૈલબહેનના માર્ગદર્શન-માં શાંતિકુંજ હરિદ્વાર આવી. આ બહેનો તાજ હોટલ ગરવારે, પેંટજ હોટલ લીલા પેંટાગ્રુપ સાથે સંબંધ રાખે છે એટલા માટે ચાર દિવસીય યાત્રાને સ્વયં ડૉ.સાહેબ તથા શ્રી સૂરજ પ્રસાદ શુક્લાજી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

તા-૨૪ ફેબ્રુઆરીના દિવસે જોલીગ્રાન્ટ એરપોર્ટથી આવતાની સાથે પ્રખર પ્રજ્ઞા તથા સજલ શ્રદ્ધામાં વિશેષ જપ ધ્યાનનો ક્રમ સંપન્ન કરાવવામાં આવ્યો. સમાધી પર પૂજ્યવરની ચેતનાનો આભાસ થયો દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં પ્રજ્ઞેશ્વર મહાદેવ મંદિરમાં તથા ચતવામાં વિશેષ મૌન જપ તથા ધ્યાન સાધનામાં અપૂર્વ શાંતિની અનુભૂતિ થઈ.



ભૌતિકવાદ તથા આજના કહેવાતા વિભિન્ન ધર્મગુરુઓના બનાવટી વ્યક્તિત્વથી કંટારેલ બહેનોની આધ્યાત્મિક ભૂખ હતી. તો હિમાલયનો ખોળો ચતવાની તળેટીઓમાં તા-૨૫ તથા ૨૬ ફેબ્રુઆરીના દિવસે વિશેષ ધ્યાન સાધનાનો ક્રમ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાએ સંપન્ન કરાવ્યો. અનેક વ્યક્તિગત, કૌટુંબિક તથા આધ્યાત્મિક જિજ્ઞાસાઓનું સમાધાન શ્રદ્ધેય ડૉ.પંડ્યાજીએ કર્યું. અનુભૂતિઓ બતાવવાના ક્રમમાં તમામ બહેનોએ શાંતિકુંજના સ્થૂળ તથા સૂક્ષ્મ વાતાવરણ સાથે પ્રભાવિત હતી. પ્રાતઃકાળ સૂર્યની પ્રથમ રશ્મિની સાથે ઉગતા સૂર્ય તથા હિમાલયનું ધ્યાન તેમણે પોતાના જીવનમાં પહેલી વાર કર્યું. હિમાલયની ચોટી પર સંપન્ન ગાયત્રી મહાયજ્ઞમાં સૌએ આહુતિઓ આપી.

વેદાંત તથા સંસ્કૃત સાથે સંબંધ ગાયત્રી પરિવારના સમર્થક સ્વામી દયાનંદનો આશ્રમ આર્ય વિદ્યાપીઠ ઋષિકેશમાં વેદાન્તના પંચદશી ચેષ્ટાની શિબિરમાં શ્રદ્ધેય ડૉ. સાહેબ સહિત ગાયત્રી ગ્રુપની બહેનો-ને બોલાવવામાં આવી સ્વામી દયાનંદ પછી શ્રદ્ધેય ડૉ.સાહેબે વેદાન્તની વૈજ્ઞાનિક પરિભાષા રજુ કરી. કોરિયા, જાપાન, ઑસ્ટ્રેલિયા, અમેરિકા સહિત ૨૦૦ મૂલ નિવાસી ખૂબ જ પ્રભાવિત થયા.

વેદાન્ત રક્ષણ પછી આશ્રમ પરિસરના ગંગા ધરેશ્વર મંદિરમાં એક કુંડીય યજ્ઞમાં તમામ બહેનો સામેલ થઈ. વયોવૃદ્ધ સંત સ્વામી દયાનંદ આખા યજ્ઞ દરમ્યાન હાજર રહ્યા હતા. યજ્ઞનું સંચાલન શ્રદ્ધેય ડૉ.સાહેબ તથા શ્રી સૂરજ પ્રસાદ શુક્લાએ કર્યું. મંત્રોચ્ચારણ શ્રી ઉદયજી, શ્રી ઓંકાર પાટીદાર, શ્રી વસંત યાદવ, શ્રી પ્રેમલાલ બિરલાએ કર્યું. શ્રી દિવ્યેશ વ્યાસ, શ્રી રાજકુમાર વૈષ્ણવ, શ્રી સંતોષ સિંહ કાર્યક્રમના સહયોગી હતા.

વેદાન્તના વિદ્વાન તથા પારંપરિક અધ્યાત્મના અભિનય વ્યાખ્યાકાર સ્વામી દયાનંદે ગાયત્રી મહામંત્રની સિદ્ધ વ્યાખ્યા કરી. તેમણે ગાયત્રી પરિવાર તથા શ્રદ્ધેય ડૉ.સાહેબના કાર્યોની પ્રશંસા કરતાં સ્વયંને ગાયત્રી પરિવારના એક વિનમ્ર સ્વયં સેવક બતાવ્યા.

વેદાન્ત સત્ર પછી ત્યાં જ સ્વામીજીની સાથે સૌએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો. વૃદ્ધ સંતની ગાયત્રી પરિવાર પ્રત્યે નિષ્ઠા જોઈને સૌ ખૂબ જ પ્રભાવિત થયા.

સુશ્રી શ્રેયા બહેન સહિત તાજ હોટલની પૂનમને તાજમાં માર્યા ગયેલ લોકો માટે વિશેષ તર્પણ કર્યું. તર્પણ કર્યા પછી કહેવા લાગી-‘‘હું આ ઘટના પછી પરેશાન હતી, પરંતુ તર્પણ કર્યા પછી અનુભવ થયો કે નિશ્ચિત રૂપથી મૃતક આત્માઓને શાંતિ મળી. હું શ્રાદ્ધ તથા તર્પણ તાજ હોટલમાં પણ કરાવીશ.’’

તા-૨૮ ફેબ્રુઆરીના દિવસે શ્રદ્ધેયા જીજીની તથા ડૉ.સાહેબની સામે જ્યારે શ્રેયાબહેનનો જન્મદિવસ મનાવવામાં આવ્યો તો સૌ ભાવવિભોર હતા તથા શ્રેયા બહેનના સૌભાગ્યની પ્રશંસા કરી રહ્યા હતા. શ્રદ્ધેય જીજીએ આશીર્વચનમાં કહ્યું કે સંપત્તિની સાથે પરિવારમાં સુસંસ્કારનું હોવું જરૂરી છે. આપણે બહેનોએ એના માટે પૂરો પ્રયત્ન કરવો જોઈએ. કૌટુંબિક મૂલ્યોનું પણ ધ્યાન રાખવું જોઈએ. ભૌતિકવાદથી પરિપૂર્ણ વાતાવરણ હોવાના કારણે આપ સૌના ઘરોમાં આધ્યાત્મિકતા માટે વિશેષ પ્રયત્ન કરવો પડશે. શ્રદ્ધેય જીજીના ઉદગાર સાંભળીને સૌ ધન્ય થયાનો અનુભવ કરી રહ્યા હતા.

વંદનીય માતાજીના ભોજન શાળામાં વિશેષ ભોજન પ્રસાદ ગ્રહણ કરી મધુર સ્મૃતિઓ લઈ દહેરાદૂન એરપોર્ટથી દિલ્હી થઈને મુંબઈ જવા રવાના થયા.

## આર્જેન્ટીનાના વિદ્વાનોએ લીધી વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓની તાલીમ

**આર્જેન્ટીના**



## વિદેશ સમાચાર

આર્જેન્ટીનાની માઈમોનીડ્સ યુનિવર્સિટીથી આવેલ ૧૪ સભ્યોની ટીમે ૨૦ થી ૨૭ ફેબ્રુઆરીની તારીખોમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં વિભિન્ન વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓની વિશેષ તાલીમ લીધી. આ ટીમમાં યુનિવર્સિટીના બ્રાંચ નિર્દેશક ડૉ.અલ્ફ્રેડ લાઉરિયા સહિત ત્રણ પુરુષ



**આર્જેન્ટીનાની ટીમને સંબોધિત કરી રહેલ કુલપતિ, કુલસચિવ તથા ડૉ.અલ્ફ્રેડ**

અને ૧૧ મહિલા સભ્યો સામેલ હતા. શિબિર ઉપરાંત ડૉ.અલ્ફ્રેડે કહ્યું કે તેઓ પોતાના દેશના બોનોસાઈડિસ નગરમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સહયોગ-થી સમગ્ર સ્વાસ્થ્ય સેવા કેન્દ્રની સ્થાપના કરશે.

શિબિરનો આરંભ કુલપતિ ડૉ. એસ.પી.મિશ્રના ઉદ્‌બોધનથી થયો. તેમણે પ્રકૃતિ અને પુરુષના સામંજસ્ય તથા તાલમેળ પર માર્મિક પ્રકાશ ફેંક્યો. તેમણે કહ્યું કે ભારતની વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓની સફળતા અને પ્રભાવ આ જ તાલમેળ પર આધારિત છે અને એ દિશામાં અમોએ ઘણી સફળતા મેળવી છે.

તેમણે યોગ અને યજ્ઞને આધ્યાત્મિક ચિકિત્સા પદ્ધતિઓને મુખ્ય અંગ બતાવ્યા. કુલસચિવ શ્રી સંદીપ કુમારે ‘લૉ ઑફ કર્મ’ તથા ‘સાઈંસ ઑફ મંત્ર’ પર પ્રકાશ ફેંક્યો. ઉદ્‌ઘાટન સમારોહમાં કુલપતિજીએ દેવાત્મા હિમાલય, ગંગા, ગાયત્રી અને ભારતીય અધ્યાત્મના વૈજ્ઞાનિક સ્વરૂપ પર સારગર્ભિત પ્રકાશ ફેંક્યો.

શિબિરમાં આયુર્વેદ, પંચકર્મ, યોગ, પ્રાકૃતિક ચિકિત્સા, એક્યૂ-પ્રેશર વગેરેની જાણકારી અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. તાલીમા-ર્થીઓની ટીમ ભારતની સંવેદનશીલ સંસ્કૃતિ અને સાંસ્કૃતિક થાપણ પ્રત્યે ખૂબ જ પ્રભાવિત જોવા મળ્યા.

શિબિર ઉપરાંત ડૉ. અલ્ફ્રેડે કહ્યું કે તેમને અહીં જીવન સાધનાના કિંમતી સૂત્ર મળ્યા છે. પોતાના દેશમાં સમગ્ર સ્વાસ્થ્ય કેન્દ્રની સ્થાપના કરી તેઓ આ સૂત્રોનો પ્રચાર કરવા ઉત્સાહિત છે. તાલીમ સત્રના સમન્વયક ડૉ. જ્ઞાનેશ્વર મિશ્ર, સ્કૂલ ઑફ યોગ એન્ડ હૈલ્થના પ્રભારી નિર્દેશક ડૉ.સુરેશ વર્ણવાલ સહિત દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના અનેક વરિષ્ઠ અધિકારીઓએ ટીમનું સ્વાગત કર્યું, તાલીમ આપી.

## રશિયન વિદ્વાન મહાકાલના સહયોગી બન્યા

રશિયન રાષ્ટ્રપતિ શ્રી મેદવેદેવ-ની મીડિયા સલાહકાર સમિતિના વરિષ્ઠ સભ્ય શ્રી નિકોલાઈ, રશિયન વ્યવસાયી શ્રી સ્લાવા, રમત શિક્ષિકા સુશ્રી ઈલેના અને ચીનમાં ભાષાના અધ્યાપક અમેરિકી નાગરિક શ્રી ઓમરે તા-૧૬ ફેબ્રુઆરીના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવ-પરમ વંદનીય માતાજીની સાથે સૂક્ષ્મરૂપમાં વિદ્યમાન અનેક ઋષિ-દેવાત્માઓની સાક્ષીમાં ગાયત્રીની દીક્ષા લઈને પરમ પૂજ્ય ગુરુદેવને ગુરુરૂપમાં વરણ કર્યા. આદરણીય શૈલબહેને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આ મહાનુભાવોનો ઉંડો અનુરાગ જોતાં એમનું ભારતીય નામકરણ કર્યું. શ્રી નિકોલાઈ હવે મહેશ શર્માના નામથી, સ્લાવા શ્રી પ્રકાશના નામથી, ઓમર શ્રી ઓંકારના નામથી અને સુશ્રી ઈલેના જ્યોતિના નામથી જાણવામાં આવશે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે સુશ્રી જ્યોતિ વર્તમાન દિવસોમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય -ના વિદ્યાર્થીઓને રશિયન ભાષાનું પ્રશિક્ષણ આપી રહી છે.

દ્વિજત્વના ઉંબરામાં પગ રાખનારા આ મહાનુભાવોએ જીવનની આ મહાન ક્ષણોમાં ખૂબ જ માર્મિક આત્મા-ભિવ્યક્તિઓ આપી. શ્રી પ્રકાશ (સ્લાવા)એ કહ્યું કે ગાયત્રીના સિદ્ધ સાધક આચાર્યજી દ્વારા ગાયત્રીને આખા વિશ્વમાં પહોંચાડી દેવી વિશ્વમાં એક મહાન ક્રાંતિ છે. પાછલા ૧૦ વર્ષથી ગાયત્રીની દીક્ષા લેવાની મારી પ્રબળ ઈચ્છા હતી. આચાર્યજીને ગુરુ રૂપમાં વરણ કરવા મારા જીવનનું પરમ સૌભાગ્ય છે. શ્રી ઓંકાર (ઓમર)-એ કહ્યું કે તેમણે પૂજ્ય ગુરુદેવની દર્જનભર પુસ્તકો વાંચી છે અને તેઓ પૂજ્ય ગુરુદેવને વિશ્વના એક મહાન ચિંતક માને છે. સુશ્રી જ્યોતિ (ઈલેના)એ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગાયત્રી મંત્ર આપણને (સમાજને) સંભાળશે અને ઉંચો ઉઠાવશે.

## મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક નિર્માણ

**શ્રદ્ધેય ડૉ.સાહેબ, શ્રી શરદ પારધી, શ્રી એચ.પી.સિંહજી તથા જયપુરના શ્રી વીરેન્દ્રજી અગ્રવાલે જન્મશતાબ્દીના દૃષ્ટિકોણથી તા-૧૬ ફેબ્રુઆરીના દિવસે આંબલખેડા તથા મથુરાનો પ્રવાસ ખેડ્યો. આંબલખેડામાં પૂજ્યવરના જન્મસ્થાનના મુખ્ય ભવનને યથાવત બનાવી રાખતાં તેને સમયના પ્રભાવથી થનારા નુકશાનથી બચાવી રાખવાના પ્રયાસો પર વિશેષ ચર્ચા કરવામાં આવી.**

**અહીં પૂજ્યવરના જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં એક ભવ્ય સ્મૃતિ મંદિર (સૂર્ય મંદિર), વિશાળ ધ્યાન કક્ષ, અદ્‌ભૂત કીર્તિ સ્તંભ તથા હૃદયસ્પર્શી પ્રદર્શની બનાવવાની યોજના બની. આ પ્રદર્શની ગાંધીજીના પોરબંદર જેવી ઐતિહાસિક થાપણના રૂપમાં વિકસિત કરવામાં આવશે. આમ તો અધ્યાત્મની ચેતના આ આંબલખેડા ગામમાં અવતરિત થયેલ અને વિભિન્ન લીલા કરતા સંપૂર્ણ વિશ્વને અધ્યાત્મના રંગમાં રંગી દીધા.**

**અખંડ જ્યોતિ સંસ્થામાં આદરણીય મૃત્યુંજય શર્માજીની સાથે જન્મશતાબ્દીની દૃષ્ટિકોણમાં અખંડ જ્યોતિ પત્રિકાના પ્રકાશન સંબંધી ગહન વિચાર વિમર્શ થયો.**

**તપોભૂમિ મથુરાના શ્રીરામ ચિકિત્સાલયના વિસ્તારીકરણ તથા તપોભૂમિના પ્રકાશન તથા પુસ્તક મેળાઓમાં પૂજ્યવરના સાહિત્યની માંગને જોતાં પ્રકાશન માટે મશીનરી વગેરે લગાવવા પર આદરણીય શ્રી ચૈતન્યજી તથા શ્રી ઈશ્વરીશરણ પાંડે સાથે ચર્ચા-વિચારણા થઈ.**

**દરેક મનુષ્ય પોતાના સ્તરની દુનિયા પોતાના હાથે જાતે રચે છે.**

# ગરિમામય વાતાવરણમાં મનાવી હોળી મહાપર્વ

**શાંતિકુંજ-હરિદ્વારઃ-**જન્મશતાબ્દી વર્ષના પૂર્વ વેળામાં આવેલા આ મહાપર્વ મનની મલિનતાને મિટાવતા હર્ષોલ્લાસની સાથે ઉજવવામાં આવ્યું. શાંતિકુંજ તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પરિસરમાં હોળી મિલનનો કાર્યક્રમ વરિષ્ઠ લોકોની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો હતો. સૌએ પરસ્પર પ્રેમ અને આત્મીયતાના વિસ્તાર કરતાં અબીલ-ગુલાલ એક બીજાને લગાવ્યો.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી હોળી પર હાસ્ય-પરિહાસ્યની ક્ષણોમાં મનને હસાવવાવાળા મહાપુરુષોના સંસ્મરણ તથા પરમ પૂજ્ય ગુરુદેવના જીવન પ્રસંગને રજુ કરતાં જન-જનમાં ઉલ્લાસનો સંચાર કર્યો. આદરણીય ડૉ.પંડ્યાજીએ જન્મ શતાબ્દી વર્ષની અંતર્ગત ચલાવવામાં આવનારા કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાની વાત કહી, ત્યાં વ્યસન મુક્તિ પર વિશેષ ભાર આપ્યો. તેમણે પર્વનો સંદેશ આપતાં કહ્યું કે હોળીનું પર્વ માનવીય એકતા સમતાના સૂત્રો મજબૂત કરતાં રાષ્ટ્રીય વિકાસની તરફ આગળ વધે છે. વિભિન્ન વર્ગોની વચ્ચે દરારના કારણે જ આપણે પ્રગતિ નથી કરી શકતા. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાએ કહ્યું કે પ્રસન્નતા જીવનની સર્વોપરિ આવશ્યકતા છે. આપણે દરેક પરિસ્થિતિમાં મનનું સમતોલન બનાવી રાખી જીવનમાં આનંદિત વાતાવરણ બનાવી રાખવાની પ્રેરણા આ પર્વ પ્રદાન કરે છે.

આદ.શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી, વ્યવસ્થાપક આદરણીય શ્રી ગૌરી શંકર શર્મા, શ્રી શિવપ્રસાદ મિશ્રા, શ્રી વૃજમોહન ગૌડજી, શ્રી કેશરી કપિલ, વિદેશી પરિજન શ્રી નિકોલિયા વગેરેએ મનોવિનોદની સાથે જન્મશતાબ્દી વર્ષમાં આત્મીયતા વિસ્તાર કરતાં સ્નેહનો સંચાર કર્યો.

આ હોળી પર્વ પર વિવેક સંમત પરંપરાઓના અવલંબન અને પર્યાવરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. પહેલાથી જ બધા આશ્રમ- વાસીઓને રાસાયણિક રંગોના દુષ્પ્રભાવથી વાકેફ કરાવી દીધા હતા. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે વર્તમાન દિવસોમાં બનાવવામાં આવી રહેલ રંગમાં લેડ ઑક્સાઈડનો પ્રયોગ થાય છે, જે કિડની ખરાબ કરે છે. લીલા રંગમાં વાપરેલ કૉપર સલ્ફેટથી આંખોમાં એલર્જી, સોજો અને અંધાપો આવે છે. મર્ક્યૂરિક ઑક્સાઈડનો પ્રયોગ લાલ રંગમાં થાય છે, જેનાથી ત્વચાના કેન્સરનો ખતરો હોય છે. રાસાયણિક રંગોને કાઢવામાં પાણીનો ઉપયોગ પણ ખૂબ વધારે થાય છે. આથી અબીલ-ગુલાલ વગેરેની સાથે સૂકા રંગોથી હોળી રમવી ઉચિત છે.




**૧. હોળીકા દહન તથા એકત્રિત આશ્રમવાસી ૨. મંચ પર વરિષ્ઠ કાર્યકર્તા, ૩ અને ૪ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા કાઢવામાં આવેલ રેલી**

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના છાત્ર-છાત્રાઓએ હોળી પર્વના અવસર પર વ્યસન નાબુદી, પર્યાવરણ રક્ષણ, જલ રક્ષણ, ગ્લોબલ વાર્મિંગ જેવી વિભિન્ન સમસ્યાઓ પ્રત્યે જન જાગરણ કરતાં વિશાળ રેલી કાઢવામાં આવી. રોચક પાત્રોની સાથે વિભિન્ન વાદ્ય યંત્રો તથા પ્રેરણાપ્રદ સૂત્રોચ્ચારથી સજાયેલ રેલીનો શુભારંભ કુલપતિ મહોદયે કર્યો. આ રેલી વિશ્વ વિદ્યાલય પરિસરથી આરંભ થઈને હરીપુર કલા વગેરે વિસ્તારમાં ફરતી કાર્યક્રમ સ્થળે પહોંચી. જયાં કુરિવાજોનું પ્રતિક હોળીકાનું દહન કરવામાં આવ્યું.

હોળીકા દહનનો મુખ્ય કાર્યક્રમ શ્રીરામપુરમ પરિસરમાં આદરણીય શૈલબહેન તથા આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીની ગરિમામય ઉપસ્થિતિમાં થયો. એ દરમ્યાન ઉપસ્થિત હજારો લોકોએ હોળી પર્વનું મહત્ત્વ તથા ઉદ્દેશ્યોને દીપમહાયજ્ઞ અને ઉલ્લાસ ભર્યા ગીત-સંગીતના માધ્યમથી જાણ્યું. સૌએ હોળીકા દહનની સાથે જ પોતાની અંદરની મલિનતા તથા જીવનના અવગુણોનું દહન કરતાં સદ્ગુણો-ને અપનાવવાના સંકલ્પો લીધા. ✿

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાની રાષ્ટ્રીય ચિંતન શિબિર

નિરંતર પ્રગતિના પથ પર અગ્રેસર ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના વર્ષ-૨૦૧૦ના સત્રનો શુભારંભ શાંતિકુંજમાં યોજાયેલ રાષ્ટ્રીય ચિંતન શિબિરની સાથે થઈ ગયો. ૨૧ તથા ૨૨ ફેબ્રુઆરીની તારીખોમાં યોજાયેલ આ શિબિરમાં ૧૯ રાજ્યોના લગભગ ૨૦૦ પ્રાંતીય પ્રતિનિધિ અને તેની સાથે સંબંધિત પ્રમુખ પ્રતિનિધિઓએ ભાગ લીધો. રાષ્ટ્રીય ચિંતન શિબિરમાં ગયા વર્ષના કાર્યક્રમોની સમીક્ષા કરતાં આગામી વર્ષ ખૂબ જ સફળતાના બિંદુઓ પર વિચાર વિમર્શ કરી જરૂરી નિર્ધારણ કરવામાં આવ્યા. આ ચિંતન શિબિરમાં ઓએમઆર શીટનું મૂલ્યાંકન કરી સમીક્ષા થઈ. વિભિન્ન રાજ્યોએ પોતાની અનુકૂળતા પ્રમાણે ઓએમઆર શીટથી મૂલ્યાંકન અથવા માનવીય મૂલ્યાંકનના વિકલ્પ આપ્યા. આ શિબિરમાં થયેલ મહત્ત્વપૂર્ણ નિર્ધારણ નીચે મુજબ છેઃ-

૧. આ વર્ષથી પરીક્ષાની જવાબદારીનું વિકેન્દ્રીકરણ કરતાં પ્રત્યેક પ્રાંતમાં સમિતિઓની રચના કરવામાં આવી રહી છે.

૨. પ્રત્યેક પ્રાંતમાં પ્રાંત સ્તરીય બેઠકોનું આયોજન કરવામાં આવી રહેલ છે. અમુક પ્રાંતોએ પોતાની પ્રાંતીય બેઠકની તારીખો જાહેર કરી દીધી છે, જ્યારે અમુકને કેન્દ્રએ તારીખો આપી છે. તારીખોની સુનિશ્ચિતતાની સૂચના પત્ર દ્વારા મોકલવામાં આવી રહી છે. આ બેઠકોમાં જિલ્લા સ્તરીય સમિતિઓની રચના પણ કરવામાં આવશે. એની સાથે વિભિન્ન પ્રાંતોએ વર્ષ ૨૦૧૦માં પોતાની પરીક્ષાની તારીખો પણ શાંતિકુંજે નક્કી કરી છે.



**ભાસંજ્ઞાપના પ્રતિનિધિઓને સંબોધિત કરી રહેલ શ્રી એચ.પી.સિંહ**

૩. પ્રાંતવાર જિલ્લાની સ્થિતિનું મૂલ્યાંકન થયું. જે જિલ્લાઓમાં અત્યારે પરીક્ષા નથી થઈ રહી અથવા સ્થિતિ કમજોર છે, ત્યાંની સક્રિયતાને અપેક્ષિત ગતિમાન કરવા માટે નજીકના શાખાના લોકોને જવાબદારી સોંપવામાં આવી. ત્યાં ૨ અથવા ૩ દિવસીય શિબિરોના આયોજનોનું નિર્ધારણ પણ થયું છે.

શિબિરમાં પાછલા વર્ષની બાકી રકમનું શાંતિકુંજને ચુકવવા, શેષ પુસ્તક-ઓએમઆર સીટનું નિયોજન કરવા, શિક્ષક સન્માન સમારોહોનું આયોજન, પરીક્ષાથી સંપર્કમાં આવેલ લોકો સુધી પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોને પ્રભાવશાળી ઢંગથી પહોંચાડવા, સંસ્કૃતિ મંડળોને પ્રભાવશાળી બનાવવા, પુરસ્કાર વિતરણ સમારંભ અને પ્રમાણ પત્રોનું વિતરણ વગેરે પર વિગતવાર ચર્ચા થઈ. પરીક્ષા ફી ગયા વર્ષની જેમ જ રાખવામાં આવી રહી છે.

આ બેઠકમાં ભાગ લેનારાઓને માર્ગદર્શન આપતાં આદરણીય શૈલબહેન તથા આદરણીય ડૉ.સાહેબે કહ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દી નજીક છે. આપણે વિચાર ક્રાંતિ અર્થાત્ શિક્ષણ ક્રાંતિના માધ્યમથી પૂજ્યવરના વિચારોને પ્રત્યેક વિદ્યાર્થી, શિક્ષક તથા વિદ્યાલય સુધી પહોંચાડવાનો છે.

જન્મશતાબ્દી વર્ષમાં પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોના વિસ્તારની આવશ્યકતાને અનુભવ કરતાં સૌએ આ વર્ષ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના વિસ્તારમાં ઉંડો રસ લીધો. શાંતિકુંજના પરીક્ષા પ્રકોષ્ઠના પ્રભારી શ્રી એચ.પી.સિંહ, શ્રી આર.કે.નાયક, ડૉ.પી.ડી. ગુપ્તા વગેરેએ ભાવી માર્ગદર્શન પ્રદાન કરતાં શિબિરનું સંચાલન કર્યું. પ્રત્યેક પ્રાંતના વરિષ્ઠ પ્રતિનિધિઓએ પોતાના વિચાર વ્યક્ત કર્યા. ✿

**સ્વામીઃ-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧,**
**ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011